શ્રી ભાવ નિકુંજ

ડો. જયેન્દ્ર સોની

શ્રી ભાવ નિકુંજ

(*"શ્રી ભાવ નિકુંજ"* was one of Dr. Jayendrabhai Soni's message segments which was delivered on mediums like Whatsapp groups and his Facebook account. Here is a collated document of all the messages related to this segment.)

* શ્રી ભાવ નિકુંજ * (૧)
****
"શ્રીમત્પ્રભોશ્ચરણકાંતિ સ્તોત્ર"
""

શ્રી દ્વારકાધીશ પ્રભુના ચરણકમલના નખસમુહના અગ્રભાગથી પ્રકટ થતી, કરુણાથી રક્તિમ આભા ધરાવતી તેજકિરણોની રાશિ, અજ્ઞાન- માન - કપટ વિદ્વેષ આદિથી ફેલાયેલા ધૂમાડા સમાન મારા મનના અંધકારને દૂર કરો. (૧)

* શ્રી ભાવ નિકુંજ * (૨)
****
"શ્રીમત્પ્રભોશ્ચરણકાંતિ સ્તોત્ર"
""

દુષ્ટો નું નિવારણ કરનાર, ભક્તિરસથી અત્યંત પુષ્ટિમાર્ગ થયેલા, અને શ્રીમદ્ વૈશ્વાનર ની કૃપાથી મારા હૃદયમાં પ્રવિષ્ટ થયેલા ભાવોનું, શ્રી દ્વારકાધીશ પ્રભુના ચરણકમળમાં નખસમુહના અગ્રભાગથી પ્રકટ થતાં તેમજ કરુણાથી રક્તિમ આભા ધરાવતાં તેજકિરણો સદા પોષણ કરો. (૨)

* શ્રી ભાવ નિકુંજ * (3)
****
"શ્રીમત્પ્રભોશ્ચરણકાંતિ સ્તોત્ર"
""

શ્રી દ્વારકાધીશ પ્રભુના ચરણકમળના નખસમુહના અગ્રભાગથી નીકળતાં તેજકિરણો મારા અંત:કરણમાં પ્રવેશ કરી શ્રીકૃષ્ણ ના ચરણકમળની ભક્તિને મારા હૃદયમાં દૃઢ બનાવી, દોષોનું નિવારણ કરો તથા મારા સમગ્ર દેહ, મન, વાણીને સંજીવની પ્રદાન કરો. (3)

* શ્રી ભાવ નિકુંજ * (૪)
****
"શ્રીમત્પ્રભોશ્ચરણકાંતિ સ્તોત્ર"
""

શ્રીવલ્લભ ના વચનામૃતોના બોધને પોતાની કૃપાદ્વારા સહસા મારા મનમાં પ્રબુદ્ધ કરનાર અને મારી બુદ્ધિ ને શ્રીવ્રજનાથની ભક્તિમાં પ્રવૃત્ત કરાવનાર શ્રીદ્વારકાધીશ પ્રભુના ચરણકમળના નખસમુહના અગ્રભાગથી પ્રકટ થતી તેજકિરણોની રાશિ છે. (૪)

* શ્રી ભાવ નિકુંજ * (૫)

****

"શ્રીમત્પ્રભોશ્ચરણકાંતિ સ્તોત્ર"

""

મારા ચિત્તને ચરણાશ્રયા ભક્તિયુક્ત બનાવનાર, કોઈ પણ પ્રકારના ઉદ્વેગ થી હું અન્યમનસ્ક ન થાઉં એ પ્રકારે પૂનઃ ભાવને પુષ્ટ કરનાર, તથા મારા ચિત્તમાં લીલાઓનો પ્રકાશ કરી દૈન્ય ભાવને પ્રગાઢ બનાવનાર શ્રી દ્વારકાધીશ પ્રભુ ના ચરણકમલના નખસમુહના અગ્રભાગથી પ્રકટ થતાં તેજકિરણો છે. (૫)

* શ્રી ભાવ નિકુંજ * (૬)

****

"શ્રીમત્પ્રભોશ્ચરણકાંતિ સ્તોત્ર"

""

શ્રીગોપાંગનાઓના મધુર ભાવોથી મને રસાવિષ્ટ કરનાર, ગોપબાલકોએ પ્રાપ્ત કરેલ મૃદુ સખ્યભાવનુ મારામાં સિંચન કરનાર અને શ્રીયુગલસ્વરૂપની કૃપાથી આર્દ્ર દૃષ્ટિનું દાન મને પ્રાપ્ત કરાવનાર શ્રી દ્વારકાધીશ પ્રભુનાં ચરણકમલના નખસમુહના અગ્રભાગથી પ્રકટ થતાં તેજકિરણો નો સમુહ છે. (૬)

* શ્રી ભાવ નિકુંજ * (૭)

****

"શ્રીમત્પ્રભોશ્ચરણકાંતિ સ્તોત્ર"

""

શ્રીતાતચરણ શ્રીબાલકૃષ્ણજી એ અમને પ્રદાન કરેલી, સકલ ઈષ્ટ નું દાન કરનાર શ્રીસ્વામિનીજી નાં ચરણારવિંદ ની સેવા દ્વારા શ્રીયુગલસ્વરૂપની કૃપાભીની દૃષ્ટિ મારા પર કરાવનાર શ્રી દ્વારકાધીશ પ્રભુનાં ચરણકમલના નખસમુહના અગ્રભાગથી પ્રકટ થતાં તેજકિરણોનો સમુહ છે. (૭)

* શ્રી ભાવ નિકુંજ * (૮)

****

"શ્રીમત્પ્રભોશ્ચરણકાંતિ સ્તોત્ર"

""

શ્રીદ્વારકાધીશ પ્રભુના ચરણકમળના નખસમુહના અગ્રભાગથી પ્રકટ થતાં તેજકિરણો મારા નેત્રયુગલને જ્ઞાન ના અંજનથી પ્રમાર્જીત કરો, શાસ્ત્રો ના અર્થની પરસ્પર સંગતિ કરે એવી બુધ્ધિ પ્રદાન કરો તથા વાણીને ગંગા ની લહેરો સમાન અસ્ખલિત પ્રવાહિત કરો. (૮)

* શ્રી ભાવ નિકુંજ * (૯)

****

શ્રીઆચાર્યચરણોની કૃપા થી પરિપૂર્ણ થઇ રહેલ, તથા શ્રીપ્રભુ ની પ્રભાના પ્રભાવ થી એમના દાસ 'વ્રજેશ' દ્વારા ગ્રંથિત, શ્રીપ્રભુ ના ચરણારવિંદ ની કાંતિ ના આ સ્તોત્ર ના પાઠથી ભક્તજનો પોતાના અપરાધો ના સંપૂર્ણ પણે સમાપ્ત કરી દે છે. (૯)

'ઈતિ શ્રીવ્રજભૂષણજી આત્મજ શ્રીવ્રજેશકુમારજી દ્વારા ગ્રંથિત
"શ્રીમત્પ્રમભોશ્ચરણકાંતિ સ્તોત્ર" સંપૂર્ણ'

* શ્રી ભાવ નિકુંજ * (૧૦)

****

"શ્રીલલિતત્રિભંગ સ્તવન"

""

વૃન્દાવનમાં શ્રીયમુનાજી ના કોમલ તટ પર હજારો ગોપીજનોના સંગમાં વિહરી રહેલા શ્રીરાધિકાજી ભુવનસુંદર કમનીય રૂપવાલા શ્રીનંદરાજકુમારને ત્રિભંગલલિત મુદ્રામાં નિહાળી એમને રાસમાં પધરાવી રહ્યાં છે. (૧)

* શ્રી ભાવ નિકુંજ * (૧૧)

****

"શ્રી લલિતત્રિભંગ સ્તવન"

""

ગોપાંગનાઓ દ્વારા સંપાદિત રાસગોષ્ટિમાં, સોનેરી જરીની કિનારીવાળા વસ્ત્રોમાં સુસજ્જ, શ્રીકંઠમાં ગુંજામાલા અને શ્રીમસ્તક પર મયુરપિચ્છનો ગુચ્છ ધારણ કરેલા, સુંદર લલિતત્રિભંગી સ્વરૂપે, શ્યામસુંદર શ્રીગોવર્ધનધર સ્વયં વેણુવાદન કરતાં વિલાસ કરી રહ્યા છે. (૨)

* શ્રી ભાવ નિકુંજ * (૧૨)

****

"શ્રી લલિતત્રિભંગ સ્તવન"

""

શ્રીયમુનાજી ના તટપર ગુંજાવન ની કુંજ માં કલા કરી પ્રસન્નતાપૂર્વક નૃત્ય કરતાં મયુર જેવા નટવેશધારી રસેશ, રાસેશ્વરી શ્રીરાધિકાજીના મુખ્ય મંડલ દ્વારા થઇ રહેલા ગીત અને નૃત્ય ને પ્રતિભાવ આપતા, લલિત-ત્રિભંગ સ્વરૂપે નૃત્ય કરતાં અત્યંત શોભાયમાન થઇ રહ્યા છે. (3)

* શ્રી ભાવ નિકુંજ * (૧૩)

****

"શ્રીલલિતત્રિભંગ સ્તવન"

""

શ્રી રાધિકાજી અને રસેશ્વર શ્રીકૃષ્ણ ના સરસ રાસના વિલાસ નૃત્યમાં, વિણાવાદન દ્વારા તાલ આપી રહેલાં શ્રીલલિતાજી પોતાની દક્ષતાને ગૌરવપૂર્વક અભિવ્યક્ત કરતાં એક તાલ જાણીજોઈને ચુકી જાય છે ત્યારે શ્રીરસિકેન્દ્રશેખર પણ એવી દક્ષતાથી તાલ-ભંગ થવા દીધા વિના નૃત્યની ગતિને સંભાળી લે છે, અને ચતુરશિરોમણી ના એ ચાતુર્યથી સ્નેહાર્દ શ્રીલલિતાજી એ રીતે શ્રીલલિતત્રિભંગને પ્રસન્નતા પ્રદાન કરે છે. (૪)

* શ્રી ભાવ નિકુંજ * (૧૪)

****

"શ્રીલલિતત્રિભંગ સ્તવન "

""

શ્રીચંદ્રાવલીજી અને શ્રીલલિતાજીના સુમધુર ગીતના સ્વરોમાં શ્રીયમુનાજી તરંગો રૂપે પોતાની ભુજાઓથી તાલ આપી રહ્યા છે, અને વનિતાવૃંદ સહિત મુખ્ય શ્રી ગોપીજનોના પોતાના નુપુરોના નાદથી શ્રીરાધિકાજી તથા શ્રીલલિત-ત્રિભંગના નૃત્યમાં સાથ આપી રહ્યા છે. (૫)

* શ્રી ભાવ નિકુંજ * (૧૫)

****

" શ્રીલલિતત્રિભંગ સ્તવન"

""

શ્રી ગોપીજનોના યુથોથી ઘેરાયેલા શ્રીપ્રભુના નયનરમ્ય અને અનિર્વચનીય લલિતત્રિભંગ સ્વરૂપના દર્શન કરીને દેવાંગનાઓ તથા આકાશમાં ચન્દ્રની ગતિ જાણે સ્થગિત થઈ ગઈ હોય એવો અનુભવ કરતા દેવોનો સમુહ અંજલી ભરી ભરીને પુષ્પવૃષ્ટિ કરી રહ્યો છે. (૬)

* શ્રી ભાવ નિકુંજ * (૧૬)

****

"શ્રીલલિતત્રિભંગ સ્તવન"

""

પોતાની ભુજાને ફેલાવી પરિરંભણ લીલામાં મગ્ન અને પરસ્પરના ગાઢ આલિંગન માં બદ્ધ હોવા છતાં મુખ ઘુમાવી સન્મુખ દૃષ્ટિનું દાન કરતાં, લલિતત્રિભંગ સ્વરૂપે દૃશ્યમાન ઉભય સ્વરૂપ ના લાવણ્યામૃતનુ પાન શ્રીગોપીજનો અત્યંત હર્ષપૂર્વક પોતાના નેત્રોદ્વારા કરી રહ્યા છે તથા 'એક પ્રાણ વપુ દોવ' એવા શ્રીયુગલ સ્વરૂપને ચિરંજીવ હોવાના આશિષ પ્રદાન કરી રહ્યા છે. (૭)

* શ્રી ભાવ નિકુંજ * (૧૭)

****

"શ્રીલલિતત્રિભંગ સ્તવન"

""

નૃત્યમાં નવિન ગતિ, તાલ અને રસાર્દ્ર ગીતો દ્વારા શ્રીગોપીજનોમાં રતિરાસનો જાણે પ્રબોધ કરી રહ્યા હોય એવા લલિત-ત્રિભંગ સ્વરૂપ ધારી શ્રીનંદનંદન મારા મનમાં સદૈવ નિવાસ કરો. (૮)

* શ્રી ભાવ નિકુંજ* (૧૮)

****

. "શ્રીલલિતત્રિભંગ સ્તવન"

""

શ્રીગોપીજનોના અનેકાનેક મનોરથના ફલરૂપે વિહિત રાસમાં શ્રીવ્રજરાજકુમારની રસાર્દ્ર લીલાને રસભાવયુક્ત ભક્તો દ્વારા હ્રદયને આહ્લાદ આપતા પદોમાં ગવાઈ છે.એના ધ્યાન - સ્મરણપૂર્વક 'વ્રજેશ' દ્વારા રચાયેલ આ સ્તવન સમાપ્ત થાય છે. (૯)

" ઈતિ શ્રીલલિત-ત્રિભંગ સ્તવન સંપૂર્ણ "

****

* શ્રી ભાવ નિકુંજ * (૧૯)

****

"શ્રી રાધિકા સ્તવન"

""""""""""""""""""""""""""""""""""""

શ્રી ગોપીજનોના યુથોના અધિપતિ શ્રીગોપીજનવલ્લભની આરાધનામાં રત અને શ્રીગોપીજનવલ્લભ સ્વયં જેમને આરાધે છે એવા શ્રીપ્રભુ ની આહ્લાદિની શક્તિસ્વરુપા હે વ્રજભામિની ! અતિશોભાયમાન કુંજમંડપમાં કમલપત્રોથી રચાયેલી શૈય્યા પર શ્રીગોવર્ધનધરણની સાથે આપ બિરાજી રહ્યા છો. (શ્રી ગોવર્ધનધરણ ની પીઠિકામાં અંકિત) મોર, પોપટ આદિના મધુર કલરવથી ગુંજાયમાન એ કુંજમંડપ નાગોમાં શ્રેષ્ઠ શ્રીશેષજી અને સિંહ થી સારી રીતે રક્ષાયેલો છે અને ગાય, ઘેટું અને મુનીઓ એ કુંજ મંડપની આસપાસ વિચરી રહ્યા છે. શ્રી ગોવર્ધનનાથજી સાથે કુંજ મંડપમાં શોભી રહેલા, સંસારસમુદ્રથી પાર ઉતારનારા હે શ્રીરાધિકાજી ! મારી આપત્તિને દૂર કરો. (૧)

* શ્રી ભાવ નિકુંજ * (૨૦)

****

"શ્રીરાધિકા સ્તવન"

""""""""""""""""""""""""""""""""""""""

તાજા માખણ થી પૂર્ણરૂપે ભરેલા પાત્રને શ્રીહસ્તમાં લઈ આપ પધારી રહ્યા છો ત્યાં બાલસ્વરૂપે વિરાજમાન છતાં ગુપ્ત રૂપે કિશોરલીલા કરતાં શ્રીનન્દરાજકુમારનુ આગમન થતાં અતિ હર્ષિત થઈ

આપ એમને ગોદમાં ઉઠાવી લો છો અને સાથે જ હે ગજગામિની ! સ્નેહના આધિક્યથી પોતાનું સ્વરૂપ ભૂલી આપ નિજ પ્રિયતમનું જ સ્વરૂપ ધારણ કરી લો છો. હે શ્રી રાધાજી ! આપના શ્રીકૃષ્ણ સમાન સ્વરૂપ નાં આજે પણ ભાવિકોને દર્શન થઈ રહ્યા છે. શ્રીગોવર્ધનધરણની સાથે કુંજ મંડપમાં શોભી રહેલાં, સંસાર સમુદ્રથી પાર ઉતારનારા હે શ્રીરાધાજી ! મારી આપત્તિને દૂર કરો. (૨)

* શ્રી ભાવ નિકુંજ * (૨૧)

****

"શ્રીરાધિકા સ્તવન"

""""""""""""""""""""""""""""""""

શ્રીમથુરાધિશ સ્વરૂપે ગોચારણ માટે વનમાં પધારેલા શ્રીપ્રભુ ના આહ્વાન થી દહી-ભાત આદિ સામગ્રીઓ લઈને આવેલાં શ્રીગોપીજનો સખામંડલમાં બિરાજમાન શ્રીપ્રભુ પાસે પહોંચે છે ત્યારે એકાંત મીલનનો રસિકશિરોમણીનો સંકેત પામીને હે કૃષ્ણ-રસાત્મિકા ! આપ અત્યંત શરમાઈ જાઓ છો. આ લીલાના દર્શન, અનુભવ, સહભાગિતા નું દાન ક્યારેક મને પણ થાય, એ જ વિનંતી આપને કરવા જેવી મને લાગે છે. શ્રી ગોવર્ધનધરણ ની સાથે કુંજ મંડપમાં શોભી રહેલાં, સંસાર સમુદ્રથી પાર ઉતારનારા હે શ્રીરાધિકાજી ! મારી આપત્તિને દૂર કરો. (૩)

* શ્રી ભાવ નિકુંજ * (૨૨)

****

"શ્રીરાધિકા સ્તવન"

""""""""""""""""""""""""""""""""

શ્રીવિઠ્ઠલેશના ગુણોથી પરિપૂર્ણ અને જ્ઞાનામૃતની વર્ષા કરનાર, શ્રીપ્રભુ ના શ્રીઅંગની નીલ કાંતિ અને આપના શ્રીઅંગ ની પીત કાંતિ થી શોભાયમાન કુંજ માં વિરાજમાન એવા આપ, શ્રીપ્રભુ દ્વારા વ્રજજનો પાસે કરાવાયેલા ગોવર્ધનયાગ પ્રસંગે શ્રીપ્રભુ એ જ્યારે ગોવર્ધનનુ રૂપ ધારણ કર્યું ત્યારે 'गोपाये स्वत्मयोगेन' એ શ્રીહરિના શબ્દો અનુસાર શ્રીપ્રભુ ની આત્મશક્તિ સ્વરૂપે પ્રકટ થનાર આપજ છો. સાત દિવસ અને સાત રાત્રિ પર્યંત ના એ અવસરે સમસ્ત વ્રજજનોને આહ્લાદ આપનારા અને ભક્તોને સદા અભયનુ દાન દેનારા હે વ્રજભૂષણા ! શ્રીપ્રભુ ની આહ્લાદિની શક્તિ આપ જ છો. શ્રીગોવર્ધનધરણની સાથે કુંજ મંડપમાં શોભી રહેલાં સંસાર સમુદ્રથી પાર ઉતારનારા હે શ્રીરાધિકાજી! મારી આપત્તિને દૂર કરો. (૪)

* શ્રી ભાવ નિકુંજ * (૨૩)

****

"શ્રીરાધિકા સ્તવન"

""""""""""""""""""""""""""""""""

શ્રીદ્વારકેશ પ્રભુના નાયિકા, રમણ જેમને પ્રિય છે એવા આપે શ્રીયમુનાજી ના તટ પર ગુંજાવન માં ગુંજાની લતાઓની અદ્ભૂત નિકુંજ સિદ્ધ કરી છે અને નિજ પ્રાણપ્રેષ્ઠને ત્યાં પધરાવી ગુંજાફલ, બહુમુલ્ય મણિ અને મોતીના આભુષણોથી શ્રુંગાર કલ્પદ્રુમ શ્રીપ્રભુ નો અદ્ભુત શ્રુંગાર કર્યોઃ છે. ભાવાત્મા એ પ્રભુએ પણ એ આભુષણોને આપના ભાવથી અંગીકાર કર્યા છે. શ્રીગોવર્ધનધરણની સાથે કુંજ મંડપમાં શોભી રહેલાં, સંસાર સમુદ્રથી પાર ઉતારનારા હે શ્રીરાધિકાજી ! મારી આપત્તિને દૂર કરો. (૫)

* શ્રી ભાવ નિકુંજ * (૨૪)

****

"શ્રીરાધિકા સ્તવન"

""""""""""""""""""""""""""""""""""""

શ્રીગોકુલેશ્વરની જમણી અને ડાબી બાજુએ શ્રીચંદ્રાવલીજી અને શ્રીવૃષભાનુજા એમ ઉભય સ્વરૂપે બિરાજનારા આપ દિવ્ય શોમાંથી દેદીપ્યમાન થઈ રહ્યા છો. ભક્તોની અભિલાષા પૂર્ણ કરનારા અને નિજજનોના ચિત્ત ને પોતાનામાં સ્થાપનારા એવા શ્રીગોકુલેશ્વરના ઉભય નાયિકાઓ સ્વરૂપે બિરાજતા આપ મને આપના દાસ્ય નું શીઘ્ર દાન કરવાની કૃપા કરો. શ્રીગોવર્ધનનાથજીની સાથે કુંજ મંડપમાં શોભી રહેલાં સંસાર સમુદ્રથી પાર ઉતારનારા હે શ્રીરાધિકાજી! મારી આપત્તિને દૂર કરો. (૬)

* શ્રી ભાવ નિકુંજ * (૨૫)

****

"શ્રીરાધિકા સ્તવન"

""""""""""""""""""""""""""""""""""""

બન્ને બાજુ રાસેશ્વરીથી શોભાયમાન અને અતિ સંમોહક નૃત્ય કરતાં શ્રીગોપીજનોના યુથમાં બિરાજમાન મધુરાધિપતિ શ્રીગોકુલચંદ્ર રાસમંડલનાં પ્રમુખ સોળ વ્રજસ્વામિનીઓ વચ્ચે આઠ સ્વરુપો ધારણ કરી રાસવિલાસ કરે છે, ત્યારે એ દિવ્ય રાસોત્સવના દર્શન કરવા બડભાગી બનેલા દેવ-દેવીઓ આકાશમાં થી પુષ્પવૃષ્ટિ કરે છે. શ્રીગોવર્ધનધરણ ની સાથે કુંજ મંડપમાં શોભી રહેલાં, સંસાર સમુદ્રથી પાર ઉતારનારા હે શ્રીરાધિકાજી! મારી આપત્તિને દૂર કરો. (૭)

*• શ્રી ભાવ નિકુંજ * (૨૬)

****

"શ્રીરાધિકા સ્તવન"

""""""""""""""""""""""""""""""""""""""

શ્રી સ્વામિનીજી ના યુગલ સહિત વિરાજમાન, કામદેવને નિજ સ્વરૂપ લાવણ્યથી મોહિત કરનાર શ્રીમદનમોહનજી સ્વરૂપે રાસેશ્વર વેણુનાદના શ્રવણથી રસાવિષ્ટ થયેલા શ્રીગોપીજનોને વનમાં એકાંત માં બોલાવે છે અને ત્યાં પોતાના સ્વરૂપને અન્તર્હિત કરી દે છે ત્યારે વિરહથી અત્યંત વ્યાકુળ થયેલા શ્રીગોપીજનોની દૈન્યસભર પ્રાર્થના થી પૂનઃ પ્રકટ થયેલા પ્રાણપ્રેષ્ટના દર્શનથી અત્યંત

આનંદિત થયેલા હે વૃષભાનુજા ! આપ મારી દૂષણથી રક્ષા કરો. શ્રીગોવર્ધનધરણની સાથે કુંજ મંડપમાં શોભી રહેલાં સંસાર સમુદ્રથી પાર ઉતારનારા હે શ્રીરાધિકાજી ! મારી આપત્તિને દૂર કરો. (૮)

* શ્રી ભાવ નિકુંજ * (૨૭)

****

"શ્રીરાધિકા સ્તવન"

""""""""""""""""""""""""""""""""""

હે વ્રજનાયિકા ! હે દયાનિધિ ! આપનાં ચરણારવિંદ ને મસ્તકે ધારણ કરનાર અને શ્રીદ્વારકાધીશ પ્રભુનો સેવક એવો હું દોષોથી ભરેલો હોવા છતાં આપની કૃપાદૃષ્ટિની વૃષ્ટિ વડે સદા સર્વપ્રકારે મારૂં રક્ષણ કરો. હે શ્રીરાધિકાજી ! સંસાર સમુદ્રથી પાર ઉતારનારા ! સ્વકીયજનોએ દ્વેષવશ મારા ઉપર ઉભી કરેલી આપત્તિ નું નિવારણ કરો. શ્રી ગોવર્ધનનાથજી સાથે કુંજ મંડપમાં શોભી રહેલાં, સંસાર સમુદ્રથી પાર ઉતારનારા હે શ્રીરાધિકાજી ! મારી આપત્તિને દૂર કરો. (૯)

'ઈતિ શ્રીરાધિકા સ્તવન સંપૂર્ણ"

****

* શ્રી ભાવ નિકુંજ * (૨૮)

****

" શ્રી યમુના સ્તવન "

""""""""""""""""""""""""""""""""""""

ચંચલ તરંગોવાળા, ગોકુલની શોભારૂપ, હે ભાનુસુતા ! સદા જય પામતા આપ મારુ પાલન કરો. કલકલ નાદથી વહેતાં, ભક્તિદાત્રી, હે સૂર્યપુત્રી ! આપનો સદા જય હો. મારુ લાલન કરો. સદા જય પામતા હે તપનસૂતા ! દોષનું નિવારણ કરનારા અને પાપ પ્રવૃત્તિ છોડાવનારા આપ મને પાર ઉતારો. હે ભયનું નિવારણ કરનારા, સંકટોનો નાશ કરનારા શ્રીયમુનાજી ! સદા જય પામતા આપ મને પાવન કરો. (૧)

* શ્રી ભાવ નિકુંજ * (૨૯)

****

"શ્રી યમુના સ્તવન"

""""""""""""""""""""""""""""""""""""

મધુદૈત્યના ના સંહારક શ્રીકૃષ્ણ માં અનુરાગવાળા, કાચબાના વાહનવાળા, સદાય જય પામતા હે સૂરસુતા ! મારું રક્ષણ કરો. પોતાના જલમાં કમલોને વિકસાવનાર, પોતાના પ્રવાહમાં પુષ્પોનુ વહન કરનારા, શ્રીનન્દરાજકુમારને જ સર્વસ્વ માનનારા, મારું ગોપન કરો. સમુદ્રના તરંગોને ધારણ કરનારા, અને એ તરંગ રૂપી હસ્તથી તાલ આપનારા, રસરાજની રસ-રાસ લીલાના સહભાગી એવા આપ મારું પાલન કરો. હે ભયનું નિવારણ કરનારા, સંકટોનો નાશ કરનારા શ્રી યમુનાજી ! સદા જય પામતા આપ મને પાવન કરો. (૨)

* શ્રી ભાવ નિકુંજ * (૩૦)

****

"શ્રી યમુના સ્તવન"

""""""""""""""""""""

શ્રીહરિના સમાન વર્ણવાળા, શ્રીહરિ સમાન રૂપને ધારણ કરનારા, તથા જીવનો રસાત્મક પુરુષોત્તમ સાથે સંબંધ - સંગમ કરાવનારા આપ મને પાર ઉતારો. યમ યાતનાનો ભય ભાંગી, ભક્તના દેહેન્દ્રિયાદિનુ અંતઃકરણ સહિત શુદ્ધિકરણ કરનારા એવા આપનું જલ ભૌતિકજલ નથી પણ વ્રજરાજ તથા વ્રજભક્તો ના સ્મરશ્રમજલરૂપી દિવ્ય સુધા સ્વરૂપ છે. આપ મારું ધારણ કરો. નિજ ભક્તોને શ્રીહરિના સંગમને પ્રાપ્ત થયેલી વાલુકા - રજનું દાન કરનારાં રસિકેન્દ્રશેખર અને વ્રજરસિકાઓની ઈચ્છાનુકુલ લીલાસામગ્રી સિદ્ધ કરનારા હે શ્રીયમુનાજી ! આપ મારું પાલન કરો. હે ભયનું નિવારણ કરનારા, સંકટોનો નાશ કરનારા શ્રીયમુનાજી ! સદા જય પામતા આપ મને પાવન કરો.

*• શ્રી ભાવ નિકુંજ * (૩૧)

****

"શ્રી યમુના સ્તવન"

""""""""""""""""""""

પોતાના ધરાનો આશ્રય કરીને રહેલા કાલિયનાગના દોષનું નિવારણ કરનારા હે ભાનુસૂતા ! દિવ્ય પુષ્ટિ ભક્તિ માર્ગ માં સ્થિરતાનુ મને દાન કરો. કરાલ કલિકાલના પ્રભાવથી ઉત્પન્ન થયેલી કલુષિતતાઓને દૂર કરી કલિયુગ ના દૂષણોથી ભક્તોને બચાવનારા, શ્રીકૃષ્ણની કૃપા શક્તિનું દ્રવીભૂત સ્વરૂપ એવા આપ મને પાર ઉતારો. આપના ઉભય તટ પ્રદેશ પર આવેલાં વનોના નિવાસી સ્થાવર જંગમ સર્વનું વનમાલીના ચરણે નિવેદન કરાવી એમને શ્રીપ્રભુ ની સેવા નું સુખ આપનારા એવા આપ મારું લાલન કરો. હે ભયનું નિવારણ કરનારા, સંકટોનો નાશ કરનારા શ્રીયમુનાજી ! સદા જય પામતાં આપ મને પાવન કરો. (૪).

* શ્રી ભાવ નિકુંજ * (૩૨)

****

"શ્રી યમુના સ્તવન"

""""""""""""""""""""

શ્રીબલદેવજી દ્વારા હળ થી ખેંચવાના કારણે વાંકાચૂકા પ્રવાહોવાળા, રાસ-રસથી પરિપ્લાવિત એવા આપ મારી રક્ષા કરો. નિજ તટ પર નવપલ્લવિત વૃક્ષો ની કુંજ માં નિજ પ્રાણપ્રેષ્ઠને સુખદાયક લીલાઓથી રીઝવી, એમાં જ પોતાનું સુખ માનનારા આપ મારું ગોપન કરો. પક્ષીઓ, હરણાંઓ, અને અન્ય જીવોને પોતાના સુધાસ્વરૂપ પયપાન દ્વારા માતૃવાત્સલ્યથી પોષનારા એવા આપ મને તારો. હે

ભયનું નિવારણ કરનારા, સંકટોનો નાશ કરનારા હે શ્રી યમુનાજી ! સદા જય પામતા આપ મને પાવન કરો. (૫)

* શ્રી ભાવ નિકુંજ * (૩૩)

****

"શ્રી યમુના સ્તવન"

""""""""""""""""""""""""""""""""""""

શરદની રાત્રીએ રાજેશ્વરના સ્વલ્પ સંયોગ થી ઉત્પન્ન થયેલ સૌભાગ્યમદ ના શમન માટે અન્તર્હિત થયેલા પ્રાણપ્રેષ્ઠને શોધવાના સર્વ ઉપાયો નિષ્ફળ જતાં આપના પુલિન માં આવી અત્યંત દૈન્ય પૂર્વક ગવાયેલા ગોપીગીત થી પ્રસન્ન થઈ વ્રજવધુઓના માનભાવને નિવૃત્ત કરનારા હે શ્રીયમુનાજી ! મને તારો. પોતાની શોભાથી સકલ વ્રજમંડલને મોહિત કરનારા, સદા વ્રજપતિના સંયોગ નો અનુભવ કરનારા અને નિજ ભક્તોને કરાવનારા, હે હંસસુતા ! આપ સદા જય પામતા મારું પાલન કરો. આપના દ્વારા શ્રીહરિના શરણે સોંપાયેલા જીવોના અલૌકિક જીવનનો નિર્વાહ કરનારા અને એમના દ્વારા સુખ સંપાદન થાય એવી સેવા કરાવનારા આપ મારું ધારણ કરો. હે ભયનું નિવારણ કરનારા, સંકટોનો નાશ કરનારા શ્રીયમુનાજી! સદા જય પામતાં આપ મને પાવન કરો. (૬)

* શ્રી ભાવ નિકુંજ * (૩૪)

****

"શ્રી યમુના સ્તવન"

""""""""""""""""""""""""""""""""""""

વેણુધરના વેણુનાદના શ્રવણથી અતિ હર્ષિત, શ્રીગોકુલના તટ પર બિરાજમાન, આપ મારું ધારણ કરો. શ્રીહરિના ચરણકમલોથી પાવન થયેલા આપના જલમાં મજ્જન દ્વારા શ્રીપ્રભુ ના સાક્ષાત્ સંબંધ ને યોગ્ય દેહ બનાવનારા આપ મને પાર ઉતારો. મહારસના દાતા, પરમકૃપાલુ, સદા ભગવદ્ ભક્તિ માં વિલસનારા અને નિજ ભક્તોને વિલસાવનારા એવા આપ મારું લાલન કરો. હે ભયનું નિવારણ કરનારા, સંકટોનો નાશ કરનારા શ્રીયમુનાજી ! સદા જય પામતાં આપ મને પાવન કરો. (૭).

* શ્રી ભાવ નિકુંજ * (૩૫)

****

"શ્રી યમુના સ્તવન"

""""""""""""""""""""""""""""""""""""

નિજજનોના જાણે -અજાણે થયેલા દોષોનું નિવારણ કરનારા, શાંતિનું દાન કરનારાં, આપ મને તારો. શ્રીપ્રભુના ચરણારવિંદ નું દાન કરાવી પ્રસન્ન થનારા, નિજભક્તોના ભાવોની અશુદ્ધિઓને દૂર કરનારા, આપ મારું ધારણ કરો. અનેક મુનિઓ, દેવો તથા મનુષ્યો દ્વારા સેવાયેલા અને એમને ઈચ્છિત ફળ નું

દાન કરનારાં, આપ મારું પાલન કરો. હે ભયનું નિવારણ કરનારા, સંકટોનો નાશ કરનારા શ્રીયમુનાજી ! સદા જય પામતા આપ મારું પાલન કરો. (૮).

* શ્રી ભાવ નિકુંજ * (૩૬)

****

"શ્રી યમુના સ્તવન"

""""""""""""""""""""""""""""""""

જેના પ્રત્યેક શબ્દોમાં આપની વંદના સમાયેલી છે એવી આપની આ સંસ્તુતિ હે ભાનુસુતા ! મારા દ્વારા લખાઈ છે, અને તેના ફલરૂપે સર્વત્ર અભયનુ દાન કરનારા શ્રીયશોદોત્સંગલાલિત ના ચરણકમલના મારા મસ્તકે બિરાજે છે. શ્રી વ્રજભક્તો ના હ્રદયના ભાવોને શબ્દોમાં ગુંથીને રચાયેલું આ ગીત સદૈવ હ્રદયમાં ધારણ કરવા યોગ્ય છે. હે ભયનું નિવારણ કરનારા, સંકટોનો નાશ કરનારા શ્રીયમુનાજી ! સદા જય પામતા આપ મને પાવન કરો. (૯)

"ઈતિ ગો.શ્રી વ્રજેશકુમારજી રચિત શ્રી યમુના સ્તવન સમાપ્ત"

****

* શ્રી ભાવ નિકુંજ * (૩૭)

****

"કલિંદ નંદિની સ્તુતિ"

""""""""""""""""""""""""""""""""""""

નિજસ્વરૂપની કાંતિ થી નિકુંજ મંડપની શોભા વધારનાર, પોતાના મુગ્ધભાલથી રસેશ્વર શ્રીકૃષ્ણ ને વિનોદિત કરનાર, સ્વભાવ થી જ રાજવંશ ની ભાવના નું અનુભાવન કરનાર, અને પુલિંદીજીઓના યુથના મુખ્ય નિયિકા હે શ્રીકલિંદ નંદિની ! અમારા પર કૃપાની અભિવૃદ્ધિ કરો. (૧)

* શ્રી ભાવ નિકુંજ * (૩૮)

****

"કલિંદ નંદિની સ્તુતિ"

""""""""""""""""""""""""""""""""""""

પોતાના તરંગો રૂપી શ્રીહસ્ત માં ધારણ કરેલા કંકણોના ઝંકાર - રણકાર થી શ્રી પ્રભુને નિંદ્રામાંથી જગાડનારા, નિકુંજ સ્થિત કેલિમંડપના આંગણા માં અનેક ગોપીજનો સહિત બિરાજમાન ચતુર્થ મંડલેશ્વરી અને શ્રીપુલિદીજીઓના યુથના મુખ્ય નાયિકા હે શ્રીયમુનાજી ! અમારા પર કૃપાની અભિવર્ષા કરો. (૨)

* શ્રી ભાવ નિકુંજ * (૩૯)

****

"કલિંદ નંદિની સ્તુતિ"

""""""""""""""""""""""""""""""""""""

પોતાના અલૌકીક શ્રીઅંગ પરના આભરણો દૂર કરી શ્રીયમુનાજી ના દિવ્ય જલ માં જલક્રીડા પશ્ચાત્ વિરાજમાન વ્રજેશ્વરી શ્રીરાધિકાજી અને વ્રજેશ્વર શ્રીકૃષ્ણ ને દૂધ ફલ વિવિધ ભોજન સામગ્રી સમર્પિત કરનાર, શ્રીયુગલ સ્વરૂના સ્મરશ્રમજલ રૂપી રસથી આપ્લાવિત અને શ્રીપુલિંદીજીઓ ના યુથના મુખ્ય નિયિકા હે શ્રીભાનુસુતે ! અમારા પર કૃપાની અભિવૃષ્ટિ કરો. (૩)

* શ્રી ભાવ નિકુંજ * (૪૦)

****

"કલિદ નંદિની સ્તુતિ"

""

સદા નિજ પ્રિયતમના પ્રેમયુક્ત મધુર ભાષણ કરનાર, સદા શ્રીવ્રજેશ્વરના સંયોગ માં મગ્ન રહેનાર, નિજ તટ સ્થિત આનંદને ચંચલ તરંગો રૂપે અભિવ્યક્ત કરનાર, તરંગોના કલકલ નિનાદ રૂપે મધુર સ્વરથી યુગલ સ્વરૂપ ની રસમય લીલાઓનું સહર્ષ ગાન કરનાર હે શ્રીકલિદજા ! અમારા પર કૃપાની અભિવર્ષા કરો. (૪)

* શ્રી ભાવ નિકુંજ* (૪૧)

****

"કલિદ નંદિની સ્તુતિ"

""""""""""""""""""""""""""""""""""""""

નિજ સ્વામી ના મનોભાવ ને જાણી તદનુકુલ લીલોપયોગી કાર્ય કરનારા શ્રીવ્રજાધિપના સ્વામિની, બહુમુલ્ય રેશમી વસ્ત્રો અને આભૂષણો થી શોભતાં, શ્રીહસ્તમાં બે કમલ ધારણ કરનાર, મૃદંગ-ચંગ-કિન્નરી આદિ વાદ્યો સહિત સખીજનો જેમના આદરપૂર્વક યશોગાન કરી રહ્યાં છે એવા હે શ્રીકલિદનંદિની ! અમારા પર કૃપા ની અભિવૃષ્ટિ કરો. (૫)

* શ્રી ભાવ નિકુંજ * (૪૨)

****

"કલિદનંદિની સ્તુતિ"

""""""""""""""""""""""""""""""""""""""

ભૂતલ પર પધારી પૃથ્વી ને પાવન કરનાર અને સમસ્ત દોષોનું નિવારણ કરનાર, શ્રીવ્રજપતિના ચિત્તનું આકર્ષણ કરી એમને પ્રેમપૂર્વક વશ કરનાર, શ્રી વૃંદાવનવિહારી ના વનવિહારો માં સદૈવ એમની સાથે રહેનાર, પ્રસન્નતા પૂર્વક ભક્તોના દોષો દૂર કરી એમના અલૌકિક મનોરથો સિદ્ધ કરનાર હે શ્રીકલિંદનંદિની ! અમારા પર કૃપાની અભિવર્ષા કરો .(૬)

* શ્રી ભાવ નિકુંજ * (૪૩)

****

. "કલિદનંદિની સ્તુતિ"

""

કુમારિકા ગોપીજનો ના મનોરથોની પૂર્તિ હેતુકદંબ વૃક્ષની શાખા પર બિરાજી વેણુનાદ કરી રહેલા શ્રીનંદનંદનની સર્વ રહસ્યમય લીલાઓમાં સહાયભૂત થવા સદૈવ તત્પર હે શ્રીકલિંદજા ! અમારા પર આનંદ પૂર્વક કૃપાની અભિવૃષ્ટિ કરો. (૮)

* શ્રી ભાવ નિકુંજ * (૪૪)

****

"કલિંદનંદિની સ્તુતિ"

""

જગતમાં રહેલા દૈવીજીવો ને ભગવત્ ચરણારવિંદ માં સમર્પિત કરાવી, ભક્તિમાર્ગ પર અગ્રેસર થવામાં એમને સદા સહાયતા પ્રદાન કરનાર અને એમને સત્સંગ પ્રાપ્ત કરાવી નિર્ગુણ ભક્તિમાર્ગ ના સેવન માં નિયોજીત કરનાર, શ્રીકૃષ્ણ ના ચતુર્થ સ્વામિની હૈ ભાનુનંદિની ! અમારા પર પ્રસન્નતાપૂર્વક કૃપા ની અભિવર્ષા કરો. (૮)

* શ્રી ભાવ નિકુંજ * (૪૫)

****

"શ્રીકલિંદનંદિની સ્તુતિ"

""

પ્રસન્ન મનથી મારા દ્વારા નિવેદિત કરાયેલી આ સ્તુતિ ને અંગીકાર કરી કલિંદનંદિની ચતુર્થપ્રિયા મારા પર પ્રસન્ન થઈ મને શ્રી નંદનંદન ની સેવાનો લાભ સત્વરે પ્રદાન કરો. શ્રીપુલિંદીજીઓના યુથેશ્વરી અને "કૃપાજલધિસંશ્રિતા" હે સૂર્યસૂતે ! અમારા પર કૃપાની અભિવર્ષા કરો. (૯)

"ઈતિ ગો. શ્રી વ્રજેશકુમારજી કૃત શ્રીકલિંદનંદિની સ્તુતિ સંપૂર્ણ"

""

* શ્રી ભાવ નિકુંજ * (૪૬)

****

"શ્રીયુગલગીતિ રસાવલી"

""

સુવર્ણ જેવી કાંતિયુક્ત મુખારવિંદવાળા હે ગોપકુમારી ! આપનો જય થાઓ. આપ અમારું પાલન કરો. વ્રજના અધિપતિ, મનમોહક સ્વરૂપધારી, ગોપબાલકોના શિરોમણી અને ગોકુલના સ્વામી એવા શ્રીપ્રભુ ! અમારૂ રક્ષણ કરો. નવિન કમલની આકૃતિવાલા મંડપમાં શોભાયમાન હે શ્રીયુગલસ્વરૂપ ! આપનું રક્ષણ પ્રદાન કરો.સમસ્ત વ્રજના પ્રાણાધાર હે નાથ ! અમને સદા આપના ચરણકમલોમા નિવાસ આપો. (૧)

* શ્રી ભાવ નિકુંજ * (૪૭)

****

"શ્રીયુગલગીતિ રસાવલી"

""

ઉજ્જવલ સુધાકિરણોથી પ્રકાશમાન ચંદ્ર જેવા શ્રીમુખવાલા હે ગોપકુમારી ! અમારું પાલન કરો. નવિન મેઘ જેવા શ્યામ અને સુંદરતમ સ્વરૂપ વાલા, કૃપાસાગર, ભક્તેચ્છાપૂરક હે શ્રીકૃષ્ણ ! અમારું ગોપન કરો. સુંદર લતાઓથી નિર્મિત આચ્છાદિત કુંજમાં વિલાસ કરનાર હે શ્રીહરિ ! અમારું રક્ષણ કરો. સમસ્ત વ્રજજનોના પ્રાણાધાર હે નાથ ! અમને સદા આપના ચરણકમલોમા વાસ આપો. (૨)

* શ્રી ભાવ નિકુંજ * (૪૮)

****

"શ્રીયુગલગીતિ રસાવલી"

""

મધુર સુરાવલી સહિત ગાન જેમને પ્રિય છે એવા શ્રીલલિતાજી ! અમારું પાલન કરો. મણિમય વેણુના નાદથી પ્રકટિત રસના આસ્વાદ માં પરાયણ હે શ્રીગોકુલપતિ ! જેવો છું એવો મને નિભાવો, જલના તરંગોથી આર્દ્ર અને શીતલ શ્રીયમુનાજી ના તટ પર સ્થિત નિકુંજ માં બિરાજમાન હે નાથ ! અમારું સર્વ પ્રકારે રક્ષણ કરો. સમસ્ત વ્રજજનોના પ્રાણાધાર ! હે નાથ ! અમને સદા આપનાં ચરણ માં નિવાસ આપો. (3)

*• શ્રી ભાવ નિકુંજ * (૪૯)

****

"શ્રીયુગલગીતિ રસાવલી"

""

શ્રીમન્નંદરાજકુમાર જ જેમનું સર્વસ્વ છે એવા શ્રીયમુનાજી ! વ્રજના વનોમાં અમારું પાલન કરો. મનોહર કમલની માલાથી શોભાયમાન હે કલાનિધિ શ્રીકૃષ્ણ ! અમારું રક્ષણ કરો. પુષ્પોની કલામય સજ્જાથી સુશોભિત મંડપમાં વિરાજમાન હે શ્રીપ્રભુ ! જેવો છું તેવો મને નિભાવો. સમસ્ત વ્રજજનોના પ્રાણાધાર હે નાથ ! અમને સદા આપના ચરણોમાં નિવાસ આપો. (૪)

* શ્રી ભાવ નિકુંજ * (૫૦)

****

"શ્રીયુગલગીતિ રસાવલી"

""

નિજ સખીમંડળ સાથે કુંજ માં વિહરી રહેલાં હે ગોપકુમારી ! આપનો જય હો, આપ અમારું પાલન કરો. નવીન કુમારાવસ્થામા પ્રવેશેલા ગોપબાલકો સંગે વિરાજમાન, સુધાનિધિ, હે શ્રીકૃષ્ણ ! અમારું રક્ષણ

કરો. ચાંદીથી જટીત સુશોભિત સદનમાં વિરાજમાન હે શ્રી યુગલસ્વરૂપ ! જેવો છું એવો મને નિભાવો. સમસ્ત વ્રજજનોના પ્રાણાધાર હે નાથ ! અમને સદા આપના ચરણકમલોમા નિવાસ આપો. (૫)

* શ્રી ભાવ નિકુંજ * (૫૧)

****

"શ્રીયુગવગીતિ રસાવલી"

""""""""""""""""""""""""""""""""

શ્રીહસ્તમાં તાજા માખણ થી ભરેલું પાત્ર લઈને પધારી રહેલા હે સુધાસ્વામિની ! અમારું પાલન કરો. આનંદપૂર્વક વેણુવાદન દ્વારા દિવ્ય સુરાવલીઓ પ્રકટ કરનાર હે મનમોહન ! અમારું સર્વ પ્રકારે રક્ષણ કરો, પ્રતિક્ષણ મનોહર સ્વરૂપધારી શ્રીનન્દકુમારનુ સાનિધ્ય મેળવી આપનાર હે સખી-સહચરીગણ ! અમારું રક્ષણ કરો. સમસ્ત વ્રજજનોના પ્રાણાધાર હે નાથ ! અમને સદા આપના ચરણકમલોમા નિવાસ આપો. (૬)

* શ્રી ભાવ નિકુંજ * (૫૨)

****

"શ્રીયુગલગીતિ રસાવલી"

""""""""""""""""""""""""""""""""

નિત્યનૂતન રશેસ ના રાસ રસથી પરિપ્લાવિત હૈ દેવી ! અમારું સર્વ પ્રકારે પાલન કરો. કામદેવ ને મોહિત કરનાર, વેણુમા સુધારસ પૂરવાર અને નૃત્યવિશારદ હે નટવર ! અમારું ગોપન કરો. કોમલ-સુખપ્રદ લયથી નૃત્ય કરી રહેલા મંડલ માં વિરાજમાન હે કૃપાનિધિ શ્રીકૃષ્ણ ! અમારી રક્ષા કરો. સમસ્ત વ્રજજનોના પ્રાણાધાર હે નાથ ! અમને સદા આપનાં ચરણકમલોમા નિવાસ આપો. (૭)

* શ્રી ભાવ નિકુંજ * (૫૩)

****

"શ્રીયુગલગીતિ રસાવલી"

""""""""""""""""""""""""""""""""

વ્રજગોપિકાઓના કમલ જેવાં સુકોમલ ચરણોના તાલબદ્ધ નર્તનથી, વ્રજપતિના આનંદ માટે રચાયેલ રાસમંડલના મધ્યમાં મરકતમણીની જેમ શોભાયમાન હે રાજેશ્વર ! જેવો છું તેવો મને નિભાવો. દેવતાઓ દ્વારા વંદિત શ્રીગોપીજનો અને શ્રી નંદકુમાર જ્યાં નૃત્ય કરી રહ્યા છે એ રાસના દર્શન અમને કરાવો. સમસ્ત વ્રજજનોના પ્રાણાધાર હે નાથ ! અમને સદા આપના ચરણકમલોમા નિવાસ આપો. (૮)

* શ્રી ભાવ નિકુંજ * (૫૪)

****

"શ્રીયુગલગીતિ રસાવલી"

""""""""""""""""""""""""""""""""

રસિક શિરોમણી , સુધાનિધિ શ્રીનંદકુમાર દ્વારા શ્રીગોપીજનો સાથે નું રમણ, વ્રજરમણિઓ સાથે હાસ્યવિનોદ સહિત રસવિહારની લલિતલીલાના ગાનરૂપી પુષ્પોને આપનાં કોમલ ચરણકમલો માં હું સમર્પિત કરી રહ્યો છું. મને આપના દાસ તરીકે સ્વીકારવાની કૃપા કરો. (૯)

"ઈતિ ગો. શ્રીવ્રજેશકુમારજી દ્વારા કથિત શ્રીયુગલગીતિ રસાવલી સંપુર્ણ"

''

* શ્રી ભાવ નિકુંજ * (૫૫)

****

"શ્રી હરિદાસવર્ય સ્તવન"

''

હરણ, ગાય, મોર, પોપટ આદિ પરિકરને પોતાના જ સ્વરૂપ માં થી પ્રકટ કરનાર, ભાગ્યવાન જીવોને ભગવદ્ સ્વરૂપે, સિંહ, મુનિ, સર્પ અથવા ગોપબાલક રૂપે કૃપા પૂર્વક દર્શન આપનાર, તેમજ એમના મનોરથો પૂર્ણ કરનાર હે હરિદાસવર્ય ! શ્રીવ્રજાધિપના આ સેવક પર કૃપા કરો. (૧)

* શ્રી ભાવ નિકુંજ *(૫૬)

****

"શ્રી હરિદાસવર્ય સ્તવન"

''

વિશ્વેશ શ્રીવ્રજેશના ચરણકમલોના સદૈવ-સમ્યક્ સેવનના ફલ સ્વરૂપે અતિશય કાંતિ-સામર્થ્ય-શક્તિ પ્રાપ્ત કરી, એનો પોતાના આરાધ્ય ના લીલાવિહારો હેતુ જ વિનિયોગ કરનારા, તથા લીલાવિહારીની લીલાભૂમિને છોડી અન્યત્ર ન જનાર અને એ રીતે પર્વત માટે વપરાતું 'નગ' નામ સાર્થક કરનાર હે શ્રી ગિરીરાજ ! મુનિ, દેવ, ભક્તજનો આ જ કારણે આપને સદા વંદન કરે છે. હે શ્રીહરિદાસ વર્ય ! શ્રીવ્રજાધિપના આ સેવક પર કૃપા કરો. (૨)

* શ્રી ભાવ નિકુંજ * (૫૭)

****

"શ્રી હરિદાસવર્ય સ્તવન"

''

ભાવપૂર્ણ હ્રદયથી આપની પરિક્રમા કરનારા જીવના હ્રદયમાં આપની કૃપાથી શ્રીપ્રભુ ની શ્રીગોવર્ધનોદ્ધરણ લીલાનું સદા અનુસંધાન બની આવે એ જ આપની પરિક્રમા નું ફલ છે, જે હ્રદયના સમસ્ત તાપ અને દોષોનું નિવારણ કરનારું છે. હે શ્રી હરિદાસવર્ય ! શ્રી વ્રજાધિશના આ સેવક પર કૃપા કરો. (3).

* શ્રી ભાવ નિકુંજ * (૫૮)

****

"શ્રી હરિદાસવર્ય સ્તવન"

""

આ કરાલ કલિકાલ ના પ્રભાવથી આપોઆપ ઉત્પન્ન થતાં દોષો અને પાપોની પરંપરાના કારણે જે તાપનો અનુભવ થાય છે એ આપનાં સાનિધ્ય તથા સ્મરણ થી દૂર થઈ જાય છે. શ્રીપ્રભુના ભક્તો પ્રત્યે કરુણાનિધિ સ્વરૂપે આપનો આ વ્યવહાર પ્રસિદ્ધ-પ્રકટ છે. હે શ્રીહરિદાસવર્ય ! શ્રીવ્રજપતિના આ સેવક પર કૃપા કરો. (૪)

* શ્રી ભાવ નિકુંજ * (૫૯)

****

"શ્રી હરિદાસવર્ય સ્તવન"

""

નવપલ્લવિત વૃક્ષોની વનરાજી માં પોતાના સમવયસ્ક ગોપબાલકો સાથે પ્રસન્નતા, પ્રફુલ્લિતતાથી ક્રીડા કરનાર વિશ્વમોહન શ્રીગોપાલના ચરણકમલોથી પવિત્ર થયેલી પોતાની તળેટીની અતિ કોમલ રજ દ્વારા ભક્તોને એમના મનોવાંછિત થી પણ અધિક દાન કરનાર હે શ્રીહરિદાસવર્ય ! શ્રીવ્રજરાજના આ સેવક પર કૃપા કરો. (૫)

* શ્રી ભાવ નિકુંજ * (૬૦)

****

"શ્રી હરિદાસવર્ય સ્તવન"

""

શ્રીહરિની સાથે મળી વ્રજવાસીઓએ શ્રીગોવર્ધનયાગ દ્વારા આપને પ્રસન્ન કર્યા ત્યારે શ્રીહરિએ પણ પ્રસન્નતાપૂર્વક એમના પર કૃપા કરી એમની રક્ષા કરી. આ પર થી સમજાય છે કે શ્રીવ્રજજીવન ની કૃપાની પ્રાપ્તિ આપના કૃપાબલથી જ થાય છે. હે હરિદાસવર્ય ! શ્રીવ્રજનાયકના આ સેવક પર કૃપા કરો. (૬)

* શ્રી ભાવ નિકુંજ * (૬૧)

****

"શ્રી હરિદાસવર્ય સ્તવન"

""

આપની શિલાઓ પર સદૈવ નિવાસ, વિહાર કરનાર શ્રીમધુરાધિપતિ ની વિભાનો જ એ પ્રભાવ છે કે ભગવદીયો આપના સ્વરૂપ માં શ્રીગોવર્ધનધરની જ ભાવના કરે છે. વાસ્તવમાં દાસ પદવી ધારણ કરી વિરાજમાન આપ સ્વયં શ્રીગોકુલાધિશ જ છો. હે હરિદાસવર્ય ! શ્રીવ્રજપતિ ના આ સેવક પર કૃપા કરો. (૭)

* શ્રી ભાવ નિકુંજ * (૬૨)

*,*******************

"શ્રી હરિદાસવર્ય સ્તવન"

""

ખલધર્મથી ભરેલા આ કલિયુગ ના કારણે થતી પીડાથી ત્રસ્ત જીવો આપનો જ આશ્રય કરે છે, કારણકે ગોપાલક, ગાયોના રક્ષક એવા આપજ શાંતિ ના પ્રદાયક છો. આપના પ્રત્યક્ષ સાનિધ્ય માં ન હોવા છતાં, અમે દૂર રહ્યા પણ આપના ચરણકમલોમા પ્રણામ કરીએ છીએ. હે શ્રીહરિદાસવર્ય ! શ્રીવ્રજનાથના આ સેવક પર કૃપા કરો. (૮)

* શ્રી ભાવ નિકુંજ * (૬૩)

**********************.

"શ્રી હરિદાસવર્ય સ્તવન"

""

શ્રીગોકુલનાયક હે ગિરિરાજ ! અમે આપના ચરણોમાં નતમસ્તક છીએ અને એના થકી જ વ્રજભૂષણની કૃપાને અમે ક્ષણમાત્રમાં પ્રાપ્ત કરીએ છીએ. શ્રીવૃષભાનુનંદિનીની ચરણરજ માં લોટનારા અમે આપના શરણે છીએ. હે શ્રીહરિદાસવર્ય ! શ્રીવ્રજાધિપના આ સેવક પર કૃપા કરો. (૯)

"ઈતિ શ્રી વ્રજેશકુમારજી રચિત શ્રીહરિદાસવર્ય સ્તવન સંપૂર્ણ"

""

* શ્રી ભાવ નિકુંજ * (૬૪)

****

"શ્રીમદ્ વલ્લભસ્મરણાષ્ટકમ્"

""

શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસ આદિ સ્વરૂપે વૈદિક મતનો વેદાંત ના રૂપે વિકાસ કરવા અને અજ્ઞાનના કારણે છવાયેલા અંધકાર ને દૂર કરવા જે પૂર્વમાં પ્રાદૂર્ભૂત થયેલા, અને પરબ્રહ્મના મૂલ સ્વરૂપ પર આવી ગયેલા માયાના આવરણને હટાવીને શુદ્ધ અદ્વૈતના સિદ્ધાંત ને પ્રસ્થાપિત કરવા જે શ્રીવલ્લભાચાર્યચરણ રૂપે ફરીથી ભૂતલ પર પ્રકટ થયા એ વિભુવર શ્રીહરિનો જય હો. (૧)

* શ્રી ભાવ નિકુંજ * (૬૫)

****

"શ્રીમદ્ વલ્લભસ્મરણાષ્ટકમ્"

""

શ્રીપ્રભુના મુખારવિંદ સ્થિત વૈશ્વાનર સ્વરૂપે નિજ ભગવદીયોના હૃદયમાં વિપ્રયોગાગ્નિના તાપનું દાન કરનાર, તેમજ પોતાની આભાનાં શીતલ તકિરણો દ્વારા એમના હૃદયના તાપને કૃષ્ણ લીલાના રસસિંચન થી શમાવનાર, તથા શ્રી રાધાકૃષ્ણ ના યુગલ સ્વરૂપ ના માધુર્યને એમના ચિત્તમાં સ્થિર થાય

એ પ્રકારે એમના ભાવની પુષ્ટિ હેતુ વાણી દ્વારા અમૃતવૃષ્ટિ કરનાર શ્રી આચાર્યચરણ ને હું સદા નમન કરૂં છું. (૨)

* શ્રી ભાવ નિકુંજ * (૬૬)

****

"શ્રીમદ્ વલ્લભસ્મરણાષ્ટકમ્"

""

જગતના આસુરી જીવોના દુષ્ટ સ્વભાવ ના કારણે નિજજનોના હૃદયમાં પીડા ઉત્પન્ન ન થાય એ હેતુથી ભક્તિમાર્ગ ને પ્રકટ કરવા માટે જ જેમણે વૈશ્વાનર સ્વરૂપે પૃથ્વી પર પ્રાદુર્ભૂત થઈ શ્રીપ્રભુ ના શરણયુક્ત પુષ્ટિમાર્ગ નું પ્રવર્તન કર્યું, એવા શ્રીમદ્ વલ્લભાચાર્યચરણ પ્રસન્નતા પૂર્વક સદૈવ મારા મનમાં વિરાજો. (3)

* શ્રી ભાવ નિકુંજ * (૬૭)

****

"શ્રીમદ્ વલ્લભસ્મરણાષ્ટકમ્"

""

વ્રજપતિ શ્રીનંદરાજકુમાર માં સુદ્રઢ સ્નેહ સહિત ભક્તિમાર્ગીય જીવ નિરંતર શ્રીહરિની સેવામાં પોતાના દેહ નો વિનિયોગ નું અનુસંધાન સિદ્ધ કરે એજ પોતાના સ્વમાર્ગમા મુક્તિ છે. એવું જીવનમુક્તિ નું સ્વરૂપ શુદ્ધાદ્વૈત મતમાં સ્થાપિત કરનાર અને માયાવાદને નિરસ્ત કરનાર શ્રીવલ્લભાચાર્યચરણે પ્રવર્તિત કરેલો શ્રીપુષ્ટિમાર્ગ સદા મારા મનમાં વિરાજમાન રહે એવી કૃપા હે કૃપાલુ ! મારા પર કરો. ((૪)

* શ્રી ભાવ નિકુંજ * (૬૮)

****

"શ્રીમદ્ વલ્લભાસ્મરણાષ્ટકમ્"

""

પાખંડગ્રસ્ત જગતમાં દૈવી જીવોને ભગવત્ચરણ રસિક બનાવવાં એમના હૃદયમાં શ્રીગોપીજનોના ભાવયુક્ત શુદ્ધ-નિષ્કામ ભક્તિને પ્રકટ કરનાર , તથા તદનુસાર કૃષ્ણ સેવાના રસમાં રસાવિષ્ટ થઈ જનાર મનુષ્ય પર પ્રશન્નતાપૂર્વક કૃપા વરસાવનાર, ભક્તિમાર્ગાબ્જભાનુ શ્રીવલ્લભ, જે સ્વયં ગુણનિધિ રૂપે પ્રસિદ્ધ છે, અમારા હૃદયમાં સાક્ષીરૂપે બિરાજમાન રહો. (૫)

* શ્રી ભાવ નિકુંજ * (૬૯)

****

"શ્રીમદ્ વલ્લભસ્મરણાષ્ટકમ્"

""

શ્રીપ્રભુ ની આજ્ઞા થી, ભૂમિના ભાગ્યરૂપે, ભક્તોના ઉદ્ધાર માટે જ ભૂતલ પર પધારી દૃષ્ટ જીવોને તિરસ્કારપૂર્વક દૂર કરી, ભક્તોને ભગવન્મુખારવિંદ ની સુધા થી સ્નિગ્ધ ભાવો ની અનુભૂતિ દ્વારા વ્યથિત જનોના હૃદયને કૃષ્ણ ભક્તિ ના માધ્યમથી શાંતિ પ્રદાન કરનાર શ્રી વલ્લભાચાર્યજી અમને પૂર્વકથિત ભગવચ્ચરણોની એવી પ્રીતિ નું પ્રસન્નતા પૂર્વક દાન કરો. (૬)

* શ્રી ભાવ નિકુંજ * (૭૦)

****

પુષ્ટિમાર્ગ ની સ્થાપના કરી, બ્રહ્મસંબંધ ના દાન દ્વારા જીવોની બુધ્ધિને નિર્મલ બનાવી, શ્રીપ્રભુ ના ચરણકમલોની સેવા હેતુ પ્રેમાભક્તિ પ્રદાન કરનાર તથા સેવા માટે શ્રીપ્રભુ ના વિવિધ લીલાના સ્વરૂપો પધરાવી આપનાર, તેમજ ભક્તોના મનમાં સર્વાત્મભાવ ના સ્વરૂપ ને સ્થાપિત કરનાર શ્રીવલ્લભ અમારા પર અનુગ્રહ કરો. (૭)

* શ્રી ભાવ નિકુંજ * (૭૧)

****

"શ્રીમદ્ વલ્લભસ્મરણાષ્ટકમ્"

""

શુદ્ધાદ્વૈત સિદ્ધાંત કથિત શ્રીરાધાકૃષ્ણ નું નવયુગલ સ્વરૂપ એ ભિન્ન રૂપે દૃશ્યમાન થતું હોવા છતાં એક અને અભિન્ન છે, અને બ્રહ્મ રૂપ સર્વત્ર વિવિધ ગુણભાવોથી સંયુક્ત હોવા છતાં મૂલ શ્રીકૃષ્ણ સ્વરૂપ જ સેવ્ય તથા ધ્યેય છે એવા અનન્ય ભાવની નિજ સેવકોને દાન કરવાના હેતુથી ઉપદેશ કરનાર શ્રીમદ્ વલ્લભાચાર્યચરણ કૃપા પૂર્વક સદૈવ મારા ચિત્તમાં બિરાજો. (૮)

* શ્રી ભાવ નિકુંજ * (૭૨)

****

"શ્રીમદ્ વલ્લભસ્મરણાષ્ટકમ"

""

જેમના કરકમલો માં ધારણ કરેલ ગ્રંથરત્ન સ્વકીય ભક્તોને સદૈવ જ્ઞાન પ્રદાન કરે છે, જેનું કેવલ એક વાર રટણ માત્ર પણ એમાં રહેલા ગૂઢભાવોને પ્રાપ્ત કરાવવા પર્યાપ્ત છે, વિદ્યાદાન કરવામાં જગતમાં આવું સામર્થ્ય ફક્ત જેમનામાં જ છે, જેમનું વાણીસ્વામિત્વ આ પ્રકારે નિજજનોમા ફલિત થાય છે, એવા વાક્પતિ શ્રીવલ્લભ સદૈવ મારા પ્રભુ છે. (૯)

ઈતિ ગો.શ્રીવ્રજેશકુમારજી રચિત શ્રીવલ્લભાષ્ટકમ્ સંપૂર્ણપણમ્

""

* શ્રી ભાવ નિકુંજ * (૭૩)

****

"શ્રીગોપીજનવલ્લભાષ્ટકમ્"

''

શ્રીવલ્લભના પ્રતિનિધિ રૂપે બિરાજમાન, પરમ દયાળુ, વેદાંત ના પારંગત, હરિભક્તિથી પરિપૂર્ણ, શ્રીગોપીજનોના સ્નેહ સંયુક્ત પ્રેમલક્ષણા ભક્તિને હૃદયમાં ધારણ કરનાર શ્રીગોપીજનવલ્લભ (શ્રી ગોપીનાથજી) ને હું પ્રણામ કરું છું. (૧)

* શ્રી ભાવ નિકુંજ * (૭૪)

****

"શ્રીગોપિજનવલ્લભાષ્ટકમ્"

''

શ્રીવલ્લભના પૂર્ણ અનુગ્રહ પાત્ર, શ્રીગોપાલ અને શ્રીગોવર્ધનનાથજી સ્વરૂપની સેવા માં સંલગ્ન અને તે દ્વારા પ્રાપ્ત થતા અલૌકિક ભાવોના અનુભવ માં નિમગ્ન શ્રીગોપીજનવલ્લભ (શ્રીગોપીનાથજી) ને હું વંદન કરું છું. (૨)

* શ્રી ભાવ નિકુંજ * (૭૫)

****

"શ્રીગોપીજનવલ્લભાષ્ટકમ્"

''

શ્રી ગોપીનાથજી નામથી વિશ્વમાં પ્રસિદ્ધ અને ભક્તો જેમને શ્રીવલ્લભનંદન સ્વરૂપે જાણે છે, એવા પુષ્ટિભક્તિના પ્રસારકર્તા શ્રીગોપીજનવલ્લભ (શ્રીગોપીનાથજી) ને હું નમન કરું છું. (૩)

* શ્રી ભાવ નિકુંજ * (૭૬)

****

"શ્રીગોપીજનવલ્લભાષ્ટકમ્ "

''

શ્રીકૃષ્ણ ના મુખારવિંદ સ્વરૂપ શ્રીવૈશ્વાનર સમાન પૂર્ણ રૂપ-ગુણ-કાંતિ વાળા, સામાન્ય રૂપે ગોપબાલકો તથા ગાયોના સેવનમાં વિશેષ પ્રેમ ધરાવતા અને વિશેષ રૂપે શ્રીપ્રભુ ની સેવા માં ગોપાલ તેમજ ગોપીવલ્લભ નામથી સાંકેતિક વિશિષ્ટ પ્રકાર જેમના કારણે શરૂ થયો અને અદ્યાપિ પર્યંત ચાલી રહ્યો છે, શ્રીવલ્લભની વાણી ના રસાસ્વાદ ના રસિક હોવાથી મુખ્યતઃ એનું જ વિશ્લેષણ કરતા રહેવાના કારણે સ્વતંત્ર ગ્રંથ રચના ખુબ અલ્પ પ્રમાણમાં જેમણે કરી છે, એવા શ્રીગોપીજનવલ્લભ (શ્રીગોપીનાથજી) ને હું પ્રણામ કરું છું. (૪)

"શ્રી ભાવ નિકુંજ" (૭૭)

****

"શ્રીગોપીજનવલ્લભાષ્ટકમ્"

''

શ્રીયમુનાજી ના તટ પર (અડેલ માં) નિવાસ કરનાર, પુષ્ટિ ના પ્રચારમાં આવતા પ્રતિબંધોનુ નિવારણ કરનાર, તથા પોતાના પુત્ર શ્રીપુરૂષોત્તમજીને શ્રી આચાર્યચરણ ના સમ્યક્ બોધ કરનાર શ્રીગોપીજનવલ્લભ (શ્રીગોપીનાથજી) ને હું વંદન કરું છું. (૫)

"શ્રી ભાવ નિકુંજ " (૭૮)

****

"શ્રીગોપીજનવલ્લભાષ્ટકમ્"

""

ઉત્તમોત્તમ, ઉત્તમ, મધ્યમ, કનિષ્ટ એમ ચારેય પ્રકારના ભક્તોને યથાધિકાર જ્ઞાન દ્વારા પ્રબુદ્ધ કરવા પોતાના વચનામૃતો નું દાન સ્વકીય ભક્તોને કરનાર, તેમજ 'સાધનદીપિકા' નામક ગ્રંથ ની રચના દ્વારા ભક્તિના સાધનો નું વિશદ્ નિરૂપણ કરનાર શ્રીગોપીજનવલ્લભ (શ્રી ગોપીનાથજી) ને હું નમન કરું છું. (૬)

"શ્રી ભાવ નિકુંજ" (૭૯)

****

"શ્રીગોપીજનવલ્લભાષ્ટકમ્"

""

શ્રીમદાચાર્યચરણ નાં દુર્બોધ વચનોને સુબોધ બનાવી પ્રયત્નપૂર્વક ભક્તોને સમજાવનાર તથા (પુષ્ટિમાર્ગ પર અગ્રેસર થવા ઈચ્છતા) ભક્તોના સમસ્ત પ્રતિબંધક દોષોને દૂર કરનાર શ્રીગોપીજનવલ્લભ (શ્રીગોપીનાથજી) ને હું નમન કરું છું. (૭)

"શ્રી ભાવ નિકુંજ" (૮૦)

****

"શ્રીગોપીજનવલ્લભાષ્ટકમ્"

""

ભક્તો પર હર્ષ પૂર્વક કરૂણાથી રસાર્દ્ર થઇ એમની અલૌકીક અભિલાષાઓને પૂર્ણ કરનાર, અદેય વસ્તુનું દાન કરવામાં પણ સમર્થ શ્રીગોપીજનવલ્લભ (શ્રીગોપીનાથજી) ને હું વંદન કરું છું. (૮)

"શ્રી ભાવ નિકુંજ" (૮૧)

****

"શ્રીગોપીજનવલ્લભાષ્ટકમ્"

""

આ સ્તોત્ર નો સદૈવ પાઠ કરનાર ભક્તજનોના મનોરથોની અવશ્ય પૂર્તિ થશે એવા આપશ્રીના ચરણકમલોમા દૃઢ વિશ્વાસ સહિત શ્રીગોપીજનવલ્લભ (શ્રીગોપીનાથજી)ને હું નમન કરું છું. (૯)

ઈતિ ગો. શ્રી વ્રજેશકુમારજી કૃત શ્રીગોપીજનવલ્લભાષ્ટકમ્ સંપૂર્ણ

""

"શ્રી ભાવ નિકુંજ" (૮૨)

****

"શ્રી વિઠ્ઠલેશ સ્તવન"

""

શ્રીમદ્ વલ્લભાચાર્યજી ના પુત્ર, મનોહર કાંતિવાળા, પુષ્ટિના પ્રસાર હેતુ દૃઢ રીતે આત્મચિત્ત અને શ્રીકૃષ્ણ ની સેવા ના રસથી આત્મસુખની અનુભૂતિ કરનાર શ્રીવિઠ્ઠલેશચરણના શરણનો હું આશ્રય કરૂં છું. (૧)

"શ્રી ભાવ નિકુંજ" (૮૩)

****

"શ્રીવિઠ્ઠલેશ સ્તવન"

""

સેવા પણ સેવ્ય શ્રીકૃષ્ણ ની રૂચિ અનુસાર, સ્નેહ સંયુક્ત હોવી જોઇએ, શ્રીકૃષ્ણ ને સુખ ઉપજે એ પ્રમાણે એકાગ્ર મનથી તેમજ આચાર્યવર્યોએ કરેલા નિયમોમાં રહીને નિષ્ઠાપૂર્વક કરવી જોઈએ. આવું નિર્દેશન કરનાર શ્રીવિઠ્ઠલેશચરણના શરણનો હું આશ્રય કરું છું. (૨)

"શ્રી ભાવ નિકુંજ" (૮૪)

****

"શ્રી વિઠ્ઠલેશ સ્તવન"

""

ધર્માંધ શાસકોના જુલ્મી શાસનથી પીડિત જનતાને પ્રેમાર્દ્રભક્તિ નો માર્ગ જ શાતા પ્રદાન કરવાને સમર્થ છે અને એના દ્વારા જ મનુષ્ય નવજીવન નું સંબલ પ્રાપ્ત કરી શકે છે એવું સમજાવનાર શ્રીવિઠ્ઠલેશ્વરના શરણનો આશ્રય હું કરું છું. (૩)

"શ્રી ભાવ નિકુંજ " (૮૫)

****

"શ્રી વિઠ્ઠલેશ સ્તવન"

""

શ્રીવલ્લભાચાર્યજી ના વચનો માં નિહિત ભાવનું નિરૂપણ કરી, સત્શાસ્ત્રોને સંમત એવી અનેક ગ્રંથરચનાઓ સ્વયં પણ કરનાર, તથા એ પ્રકારે પુષ્ટિ ની પ્રભાને અધિક નિર્મલ-ધવલ-ઉજ્જ્વલ કરનાર શ્રીવિઠ્ઠલેશચરણના શરણનો હું આશ્રય કરૂં છું. (૪)

"શ્રી ભાવ નિકુંજ" (૮૬)

****

" શ્રી વિઠ્ઠલેશ સ્તવન"

""

નામ "સુબોધિની" હોવા છતાં સમજવામાં દુર્બોધ એવી શ્રી આચાર્યચરણ ની વાણી ને શ્રીસર્વોત્તમ સ્તોત્ર રૂપી સાધનથી જન હિતાર્થે સુબોધ બનાવી ભક્તોને જ્ઞાનપ્રાપ્તિ સુગમ બનાવી આપનાર શ્રીવિઠ્ઠલેશચરણના શરણનો હું આશ્રય કરૂં છું. (૫)

"શ્રી ભાવ નિકુંજ" (૮૭)

****

"શ્રીવિઠ્ઠલેશ સ્તવન"

""

જેમના દ્વારા રચિત દશમ સ્કંધ ની ''શ્રીટિપ્પણીજી" નામે પ્રસિદ્ધ ટીકાને રસીકજનો અત્યંત આદરપૂર્વક મસ્તક પર ધારણ કરે છે, અને જેમની અન્ય રસભાવપૂર્ણ રચનાઓ પણ સુજ્ઞ - વિજ્ઞ જનો માટે સદૈવ સમાદરણીય રહી છે એવા શ્રીવિઠ્ઠલેશચરણના શરણનો હું આશ્રય કરૂં છું. (૬)

"શ્રી ભાવ નિકુંજ" (૮૮)

****

"શ્રીવિઠ્ઠલેશ સ્તવન"

""

શ્રીહરિની ભક્તિની સિદ્ધિ હેતુ પોતાના સાતે પુત્રો સાથે પૃથ્વી પર ના પ્રચાર હેતુ સદૈવ પ્રયત્નશીલ અને ભક્તોને ભાવપૂર્ણ સેવાનું સ્વરૂપ સમજાવનાર શ્રીવિઠ્ઠલેશચરણના શરણનો હું આશ્રય કરૂં છું. (૭)

"શ્રી ભાવ નિકુંજ (૮૯)

****

"શ્રીવિઠ્ઠલેશ સ્તવન"

""

પ્રભુ શ્રીગોવર્ધનધરણની તત્સુખાત્મક સેવા નો ભાર પોતાના પુત્રોને સોંપી પોતાના ઘરને મુખ્ય રાખી ઘરનું તેમજ નવનવિન સ્વરૂપો થી બિરાજમાન પ્રભુ ના સ્વરૂપો નું પોતાના પુત્રોમાં વિભાજન કરનાર શ્રીવિઠ્ઠલેશચરણના વર્ણનો હું આશ્રય કરૂં છું. (૮)

"શ્રી ભાવ નિકુંજ" (૯૦)

****

"શ્રીવિઠ્ઠલેશ સ્તવન"

""

શ્રીકૃષ્ણ ની કરુણાના રસથી ભરેલા શ્રીવિઠ્ઠલેશનું આ સ્તવન, જે શ્રીવલ્લભની કૃપા થી જ રચાયુ છે, એને આ દાસ અહિં પૂર્ણ કરે છે. એના પાઠના ફલ રૂપે નિત્ય શ્રીપ્રભુ માં અનુરાગ ની ઉત્તરોત્તર વૃદ્ધિ થાઓ. (૯)

"ઈતિ શ્રી વ્રજેશકુમારજી દ્વારા રચિત શ્રી વિઠ્ઠલેશ સ્તવન સંપૂર્ણ"

""

"શ્રી ભાવ નિકુંજ" (૯૧)

****

"શ્રીમદ્ બાલકૃષ્ણ સ્તવનમ્"

""

શ્રીમદ્ વિઠ્ઠલેશ પ્રભુચરણ ના તૃતીય પુત્ર રૂપે પ્રકટ થઈ શ્રીમદ્ વિઠ્ઠલેશ નાં ચરણોમાં વિશ્વાસ ઉત્પન્ન કરનાર, માતૃચરણ શ્રીરૂક્મિણીજીના કરકમલો માં બિરાજી બાલસુલભ ચેષ્ટાઓ દ્વારા માતા-પિતા ને આનંદ આપનાર, પોતાના જેષ્ટ ભ્રાતા શ્રીગિરિધરજીના સ્નેહ-દ્રવિત હૃદયથી વિદ્યા રૂપી પ્રસાદ પ્રાપ્ત કરનાર શ્રીબાલકૃષ્ણજીને વિનયયુક્ત મનથી હું મારા ચિત્તમાં ધારણ કરું છું. (૧)

"શ્રી ભાવ નિકુંજ" (૯૨)

****

"શ્રી બાલકૃષ્ણ સ્તવનમ્"

""

શ્રીવ્રજરાજકુમારની શ્રીગોવર્ધન પર્વત પર સુંદર પ્રકારે સેવા સંપન્ન કરી, પોતાના પિતૃચરણ દ્વારા વ્રજભૂમિના લાડિલા વ્રજાનંદકંદ ને શ્રીદ્વારકાધીશના સ્વરૂપે પ્રાપ્ત કરનાર, તથા વ્રજવનિતાઓના મુકુટમણિ શ્રીરાધિકાજીને પોતાના શ્રીપ્રભુ નાં સ્વામિનીજી રૂપે પ્રાપ્ત કરવાની ઈચ્છાને પોતાના પિતૃચરણ સમક્ષ પ્રાર્થના પૂર્વક નિવેદિત કરનાર, વિદ્યાના ગાંભિર્ય થી યુક્ત શ્રીબાલકૃષણજીને વિનયયુક્ત મનથી હું મારા ચિત્તમાં ધારણ કરું છું. (૨).

" શ્રી ભાવ નિકુંજ" (૯૩)

****

"શ્રી બાલકૃષ્ણ સ્તવનમ્"

""

શ્રીયમુનાજી ના તટ પર સ્થિત જલથી ભીની ભેખડોમાં થી પ્રકટ થયેલા પોતાના સ્વામી નાં મુખ્ય આહ્લાદિની શક્તિ શ્રીરાધાજી ને (ગુંજાવનમાથી) પ્રાપ્ત કરી,, શિઘ્રતાપૂર્વક પોતાના ઘરે પધરાવી જનાર અને ત્યાં શ્રીયુગલસ્વરૂપનો વિવાહ સંપન્ન કરાવી નિજ સેવ્ય શ્રીયુગલસ્વરૂપને અવિરત પણે હૃદયમાં ધારણ કરી એમની સેવા કરનાર શ્રીબાલકૃષ્ણજીને વિનયયુક્ત મનથી હું મારા ચિત્તમાં ધારણ કરું છું. (3)

"શ્રી ભાવ નિકુંજ" (૯૪)

****

"શ્રી બાલકૃષ્ણ સ્તવનમ્"

""

શ્રીયુગલસ્વરૂપની પ્રાપ્તિ થી આનંદિત હ્રદયવાલા, તથા પૂર્વ માં સ્વપ્નમાં એ ઘટનાના દર્શન કરી સ્વપ્નદર્શન સ્તોત્ર દ્વારા સ્તુતિ થી પ્રસન્ન થયેલા શ્રીસ્વામિનીજી દ્વારા પ્રદત્ત મંત્ર ની સંપૂર્ણ વિધિ પૂર્વક અનુષ્ઠાનાત્મક સેવા કરનાર, પોતાના પત્ની શ્રીકમલાવતીજીની સાથે મળી નંદરાજકુમાર શ્રીદ્વારકાધિશ પ્રભુની નિજ ઈષ્ટના રૂપમાં સેવા કરનાર શ્રીબાલકૃષ્ણજીને વિનયયુક્ત મનથી હું મારા ચિત્તમાં ધારણ કરું છું. (૪)

"શ્રી ભાવ નિકુંજ" (૯૫)

****

"શ્રી બાલકૃષ્ણ સ્તવનમ્"

""

સમગ્ર પૃથ્વી ના વૈષ્ણવો માં શુદ્ધાદ્વૈત નો પ્રચાર સંપાદિત કરી, "પારાર્થ્ય ચિંતામણી' ગ્રંથ ની રચના દ્વારા પંડિતો ને પણ પ્રબુધ્ધ કરનાર, શ્રીમદાચાર્યચરણ કૃત 'અણુભાષ્ય'ને સરલ રૂપે સમજાવવા એના પર 'પ્રસાદ વાગીશ' નામક ભાષ્ય રચનાર શ્રી બાલકૃષ્ણ જીવે વિનયયુક્ત મનથી હું મારા ચિત્તમાં ધારણ કરું છું. (૫)

"શ્રી ભાવ નિકુંજ" (૯૬)

****

"શ્રી બાલકૃષ્ણ સ્તવનમ્"

""

સિદ્ધાંતોમાં પારંગત પોતાના પુત્રો સહિત પોતાના વૈષ્ણવ સેવકોને નિત્ય શ્રીગોપિકાધીશ પ્રભૂના ચરણકમલોની સેવામાં નિયોજીત કરનાર તથા શ્રીપ્રભુના સ્વરૂપ તેમજ એમની પ્રેમાભક્તિના પ્રકારને સરલ વચનોથી સમજાવનાર શ્રીબાલકૃષ્ણજીને વિનયયુક્ત મનથી હું મારા ચિત્તમાં ધારણ કરું છું. (૬)

"શ્રી ભાવ નિકુંજ" (૯૭)

****

"શ્રી બાલકૃષ્ણ સ્તવનમ્"

""

વૈશ્વાનર સ્વરૂપ શ્રીમદાચાર્યચરણની કુલપરંપરાની ગરિમાની સુરક્ષાપૂર્વક, પોતાના ભક્તો માં સાક્ષાત્ શ્રીકૃષ્ણ સ્વરૂપ માં અનન્ય ભાવને સુપૂરિત કરનાર, તેમજ શ્રીગોપીજનો ની પ્રેમલક્ષણાભક્તિપૂર્વક શ્રી દ્વારકેશ પ્રભુ ની સેવા કરનાર શ્રીબાલકૃષ્ણજીને વિનયયુક્ત મનથી હું મારા ચિત્તમાં ધારણ કરું છું. (૭)

"શ્રી ભાવ નિકુંજ" (૯૮)

****

"શ્રી બાલકૃષ્ણ સ્તવનમ્"

નિજ સ્વરૂપમાં નિષ્ઠાવાન ભક્તોના ઉદ્ધાર ના હેતુથી જ એમના પર પ્રચુર માત્રામાં કૃપા કરનાર, પોતાના કુલની મર્યાદા અનુસાર શ્રીકૃષ્ણ ને ઈષ્ટ રૂપે સેવ્ય સ્વરૂપને પધરાવી આપી, અદેયદાન દ્વારા પોતાના પુત્રોમાં શ્રીમદાચાર્યચરણના પ્રતાપને સમુત્પન્ન કરનાર શ્રીબાલકૃષ્ણજીને વિનયયુક્ત મનથી હું મારા ચિત્તમાં ધારણ કરું છું. (૮)

"શ્રી ભાવ નિકુંજ" (૯૯)

****

"શ્રી બાલકૃષ્ણ સ્તવનમ્"

મેઘશ્યામ શ્રીઅંગોવાળા, વિકસિત કમલની આકૃતિ જેવા નેત્રોવાળા , શિરોભૂષણબાજુબંધ- બહુમુલ્ય મોતી તથા મણિ ગ્રથિત આભૂષણો થી સુશોભિત, તેમજ શ્રીસ્વામિનીજી પ્રતિ સ્નેહથી આર્દ્ હૃદયથી શ્રી દ્વારકેશ પ્રભુ ના ચરણકમલોની સેવામાં આસક્ત ચિત્તવાલા શ્રીબાલકૃષ્ણજીને એમના પુત્રો સહિત હું પ્રણામ કરું છું. (૯)

"ઈતિ શ્રી વ્રજેશકુમારજી કૃત શ્રીબાલકૃષ્ણજી સ્તવન સંપૂર્ણ."

"શ્રી ભાવ નિકુંજ" (૧૦૦)

****

"શ્રીમતાં ચરણેષ્વભ્યર્થના"

હે પરબ્રહ્મ પૂર્ણ પુરૂષોત્તમ ! પૂર્ણ સ્વરૂપ એવા આપ સમસ્ત પ્રપંચ (વિશ્વ) ની રચના માં દક્ષ છો. વેદોક્તિ અનુસાર દેવત્વ, જડ, જીવ આદિ સર્વનું સર્જન પણ આપનાથી જ થયું. આપ એકાકી એકલા ન રહી શકતા હોવાના કારણે આપે પૂર્વમાં આપની આત્મશક્તિને પ્રકટ કરી. આ પરથી સમજાય છે કે આપ સર્વ ઉપચારોમાં કુશલ છો. કૃપા કરી દાસ પર કૃપાદૃષ્ટિ કરો. (૧)

"શ્રી ભાવ નિકુંજ" (૧૦૧)

****

"શ્રીમતાં ચરણેષ્વભ્યર્થના"

વ્રજમંડલના અધિપતિ હે શ્રીનાથ ! આપ સર્વસમર્થ છો. ગોપાલચુડામણી રૂપે બિરાજમાન આપ ગાયો અને ગોપીજનો નું રક્ષણ કરો છો. હે પ્રભુવર ! નિજભક્તોના પ્રાણપ્રેષ્ઠ એવા આપ આપના શરણાગત, સેવાવિધિમાં તત્પર, દાસજનોની તથા ગાય જેવા દીન-નિ:સાધન સર્વ સ્વકીય જનોની રક્ષા કરો.

કારણકે, આપ ગોપતિ અર્થાત્ ઋષીકેશ છો તથા શ્રીગોવર્ધનાધીશ રૂપે આપે જે વ્રત ધારણ કર્યું છે, એને સ્મરીને રક્ષા કરો. (૨)

"શ્રી ભાવ નિકુંજ" (૧૦૨)

****

"શ્રીમતાં ચરણેષ્વભ્યર્થના"

""

આપ ગોપિકાઓના નાથ છો. ગિરિરાજ ગોવર્ધન ના નાથ છો. કરૂણાના સાગર છો, તથા વ્રજજનોને આનંદ પ્રદાન કરનાર છો. આપજ રાધિકાનાથ, શ્રીનાથ છો, ગોકુલના ચિંતામણિ એવા આપ વેણુના સ્વરોથી સર્વને મોહિત કરનાર છો. ભક્તોની ઈચ્છાઓ પરિપૂર્ણ કરનાર, સ્વકીય જનોના હ્રદયમાં પોતાની વિભિન્ન લીલાઓની સુંદર છટાઓનો અનુભવ કરાવનાર અને ગાયોના સમુહના મધ્યમાં પધારી રહેલા હે વ્રજપતિ ! આપના સેવક પર કૃપા કરો. (૩).

"શ્રી ભાવ નિકુંજ" (૧૦૩)

****

"શ્રીમતાં ચરણેષ્વભ્યર્થના"

""

હે દ્વારકાધીશ પ્રભો ! સમસ્ત ગોકુલના સ્વામી અને શ્રીરાધિકાજીના પ્રાણનાથ એવા આપ ભક્તોનો ભય દૂર કરવા હેતુ કૃપા કરીને ચક્રરાજ સુદર્શન ધારણ કરો છો. શંખ, ચક્ર,પદ્મ આદિ આયુધ પણ દુષ્ટોના દમન માટે આપે ધારણ કર્યા છે તથા શ્રી કૌસ્તુભ થી આપ વિભૂષિત છો. દીન-અનાથ જનો પર દયા કરનાર હે દયાનિધિ ! આપના દાસ પર કૃપા કરો. (૪)

"શ્રી ભાવ નિકુંજ" (૧૦૪)

****

"શ્રીમતાં ચરણેષ્વભ્યર્થના"

""

હે શ્રીમદ્ વલ્લભાચાર્યચરણ ! આપ કરૂણાના સાગર અને શ્રીમદ્ ગુરૂ પણ છો ! પાખંડી રૂપ ધારણ કરેલ દુર્જનો દ્વારા સર્જીત દોષારોપણના કોલાહલથી વ્યથિત, આપના ચરણારવિંદ ના નિર્મલ સ્નેહ માં અનુરક્ત અને આપના વંશમાં જન્મેલ હોવાથી આપના અંશ રૂપ આપનો અનુગ્રહ પ્રાર્થું છું. ભક્તોની ઈચ્છાઓ પરિપૂર્ણ કરનાર હે પ્રભો ! આપના આ દાસની રક્ષા કરો. (૫)

"શ્રી ભાવ નિકુંજ (૧૦૫)

****

"શ્રીમતાં ચરણેષ્વભ્યર્થના"

""

હે શ્રી ગોપીનાથ, દયાનિધિ ! પોતાના ખલપણાથી અર્થનો અનર્થમય વિઘટન કરી પુષ્ટિમાર્ગ ની પ્રભાને દુષિત કરનાર દુર્જનોના ત્રાસથી સુરક્ષા પ્રદાન કરો. દંભીજનોના ઉચ્છ્રુખલ ઉદ્દામ ભાવોના કારણે શુદ્ધા પ્રેમા ભક્તિનું વિધાન આજે વિગલિત-કુરુપ થઈ રહ્યું છે, ત્યારે આપના ચરણોમાં પ્રાર્થના છે કે એનું નિવારણ કરવાની અને આપનો આશ્રય પ્રદાન કરવાની કૃપા કરો. (૬)

"શ્રી ભાવ નિકુંજ" (૧૦૬)

****

"શ્રીમતાં ચરણેષ્વભ્યર્થના"

""""""""""""""""""""""""""""""""""""

હે શ્રીમદ્ વિઠ્ઠલનાથ પ્રભુ ! આપના જ વંશ માં ઉત્પન્ન આપના આશ્રિત જનની રક્ષા કરવાની કૃપા કરો. મિથ્યા દોષારોપણ નાં વિધાનોની કાલિમા થી ઉત્પન્ન મનની ખિન્નતા ના નિવારણ નો ઉપાય કરવાની કૃપા કરો. પરિવાર ની રક્ષા હેતુ વ્યથાના વાતાવરણ ને દૂર કરવાની કૃપા કરો. (૭)

"શ્રી ભાવ નિકુંજ" (૧૦૭)

****

"શ્રીમતાં ચરણેષ્વભ્યર્થના"

""""""""""""""""""""""""""""""""""""

શ્રી રાજીવ લોચન, ગુણોના સાગર હે શ્રી બાલકૃષ્ણ પ્રભુ ! આપ ભક્તોને શુદ્ધ ભક્તિમાં સંયોજીત કરી એમનું હિત સાધનાર છો તથા પ્રેમાભક્તિમિશ્રિત મધુરતાનો સેવાવિધિમાં અનુભવ કરાવનાર છો. આપના દાસ એવા મને શ્રીવલ્લભપ્રભુના પારાર્થ્ય જ્ઞાનનું દાન કરવાની કૃપા કરો. (૮)

"શ્રી ભાવ નિકુંજ" (૧૦૮)

****

"શ્રીમતાં ચરણેષ્વભ્યર્થના"

""""""""""""""""""""""""""""""""""""

આપે જેને પોતાનું માન્યું છે એવા કુલ માં આપે કૃપા કરીને જન્મ આપ્યો છે તેથી અમે ધન્ય બન્યા છીએ. શ્રીમદ્ વલ્લભાચાર્યચરણની કૃપા રૂપ સંજીવની જ પાખંડથી ભરેલા આ લોકવૈભવથી અમારી મતિને મોહિત-મૂર્છિત થતી બચાવે એ જ અભિલાષા હે કરૂણાનિધિ ! શ્રી દ્વારકેશ પ્રભો ! આપના ચરણોમાં નિવેદિત કરીએ છીએ. (૯)

"શ્રી ભાવ નિકુંજ" (૧૦૯)

****

"શ્રીમતાં ચરણેષ્વભ્યર્થના"

""""""""""""""""""""""""""""""""""""

સુવિજ્ઞ અને સ્વકીય જનો પર કૃપા કરનાર શ્રી દ્વારકેશ તાતચરણ શ્રી દ્વારકેશ પ્રભુની સેવા હેતુ અમારી રક્ષા કરે છે તથા વિદ્યાભ્યાસ ના ઉપક્રમ માં પણ અમને કૃપા પૂર્વક માર્ગદર્શન પ્રદાન કરનાર છે, એટલું જ નહીં, નિજજનોને પુષ્ટિ ના સ્નેહ થી સિંચિત કરી શ્રીહરીના બનાવી દેવાની કૃપા કરે છે. (૧૦)

"શ્રી ભાવ નિકુંજ " (૧૧૦)

****

"શ્રીમતાં ચરણેષ્વભ્યર્થના"

""

પોતાના દિવ્ય સંકેતોથી અનેક પ્રકારનો બોધ પ્રાપ્ત કરાવનાર તેમજ શ્રીયુગલનિધિ સ્વરૂપની સેવામાં પદ્ધતિ તથા સિદ્ધાંત ના જ્ઞાન રૂપી અમૃત થી અભિસિસિંચિત કરનાર હે શ્રીમદ્ ગિરીધરજી ! આપ અપાર કરુણા કરનાર છો. શ્રી ગુરૂદેવ પોતાના આત્મિય જાણીને જ આવી કલ્યાણકારી કૃપા કરે છે. આપની સરખામણી અન્ય કોઈ ની સાથે થઈ શકે તેમ નથી. તેથી આપ સદા અમારી રક્ષા કરો. (૧૧)

"શ્રી ભાવ નિકુંજ" (૧૧૧)

****

"શ્રીમતાં ચરણેષ્વભ્યર્થના"

""

હે તાતચરણ શ્રીદ્વારકાનાથજી ! શ્રીપ્રભુ એ આપ પર વિશિષ્ટ કૃપા કરી આપને કુંજ મંડપમાં શ્રીયુગલસ્વરૂપની સેવા ચિરકાળ માટે પ્રદાન કરી છે. અમારા કુલનાયક ની કરૂણાની અભિવૃષ્ટિ અમારા પર ક્યારે થશે ? હે શ્રીમત્ તાતચરણ ! શ્રીપ્રભુને અમારા વિષયમાં પ્રાર્થના કરવા આપને પ્રણામ પૂર્વક નિવેદન કરુ છુ. (૧૨)

"શ્રી ભાવ નિકુંજ" (૧૧૨)

****

"શ્રીમતાં ચરણેષ્વભ્યર્થના"

""

શ્રીવ્રજપતિ શ્રીદ્વારકાધીશ પ્રભુને શ્રીગોકુલથી ગુર્જર દેશ માં રાજનગરમાં પધરાવી ત્યાં ગુપ્ત પ્રકારે સેવાનો પ્રારંભ કરનાર, ત્યારબાદ પોતાની સાથેના સેવકજનો પરિકર સહિત પોતાની જાગીરના ગામ આસોટિયામા વિરાજમાન કરનાર, અને તત્પશ્ચાત્ નજીકમાં રાયસાગરના તટ પર કાંકરોલી માં શ્રીપ્રભુનુ મંદિર સિદ્ધ કરાવી ત્યાં પધરાવનાર તાતચરણ હે શ્રીમદ્ શ્રીવ્રજભૂષણજી ! આપ સદૈવ અમારા પર અનુગ્રહ કરો. (૧૩)

"શ્રી ભાવ નિકુંજ" (૧૧૩)

****

"શ્રીમતાં ચરણેષ્વભ્યર્થના"

""

કાંકરોલીમાં સાગરતટ પરના ભવનમાં શ્રીપ્રભુ ને પ્રસન્નતા પૂર્વક પધરાવી અનેકવિધ લાડ લડાવનાર અને પોતાના વંશજો પર જ્ઞાનામૃતની વર્ષા કરનાર હે તાતચરણ શ્રીગિરિધરજી ! આપને એજ પ્રાર્થના કે આપ અમને શ્રી દ્વારકેશ પ્રભુની સેવા પ્રદાન કરો. (૧૪)

"શ્રી ભાવ નિકુંજ" (૧૧૪)

****

"શ્રીમતાં ચરણેષ્વભ્યર્થના"

""

ગુરૂવર, નીતિ-વિશેષજ્ઞ અને વિદ્યાના નિધિ, તથા સર્વજનોના હિતકારક એવા હે તાતચરણ શ્રીમદ્ શ્રીવ્રજભૂષણજી ! આપ કેવલ શ્રીપ્રભુ ની સેવામાં તત્પર જ નહીં, એની પરા અનુભૂતિનું જ્ઞાન પણ ધરાવો છો. ભગવત્શાસ્ત્રો દ્વારા ભક્તજનોને પ્રબોધિત કરવામાં પ્રસન્નતા અનુભવનારા તથા આત્મિયજનોને ચારેય પુરૂષાર્થોની સિદ્ધિનું દાન કરવા સક્ષમ એવા આપને વિનંતી છે કે પોતાની કરૂણા થી અમારૂં સદા રક્ષણ કરતા રહો. (૧૫)

"શ્રી ભાવ નિકુંજ" (૧૧૫)

****

"શ્રીમતાં ચરણેષ્વભ્યર્થના"

""

હે તાતચરણ શ્રીવ્રજનાથજી ! આશ્રિત જનોને આપ ભગવત્સેવા પરાયણ બનાવો છો તથા શાસ્ત્રોના ગહનપ્રવાહના અવગાહનથી ફલિત થતી પરાભક્તિ નું દાન પણ કરો છો. પોતાના બંને પુત્રોને પોતાના પિતૃચરણના આશ્રય માં સોંપી, મનની દૃઢતા થી શ્રીપ્રભુ ના સેવન હેતુ શ્રીપ્રભુ ના ધામમાં પધારી શ્રીપ્રભુ ની સમીપ રહેવાનો નિર્ણય આપે ભલે કરી લીધો છતાં પણ પોતાના સેવક પર કૃપા કરો. (૧૬)

"શ્રી ભાવ નિકુંજ" (૧૧૬)

****

"શ્રીમતાં ચરણેષ્વભ્યર્થના"

""

શ્રી દ્વારકેશ પ્રભુ ની સેવા માં તેમજ ભક્તોનો ભય દૂર કરવામાં ચતુર હોવાની સાથે સાથે વિદ્વાનો ના શિરોમણી એવા તાતચરણ હે શ્રી વિઠ્ઠલનાથજી ! ભક્તોને પુષ્ટિમાર્ગ નું યથાર્થ જ્ઞાન પ્રદાન કરવા ભારતભરમાં પરિભ્રમણ કરનાર આપ શ્રીમાન નો વિજય હો ! પોતાના પ્રસન્નતા ના ગુણ દ્વારા આ દાસ પર કૃપા ની અભિવૃષ્ટિ કરો. (૧૭)

"શ્રી ભાવ નિકુંજ" (૧૧૭)

****

"શ્રીમતાં ચરણેષ્વભ્યર્થના"

""

'નન્દમહોત્સવવાળા' તરીકે જગતમાં વિખ્યાત, શ્રીહરિની સેવા તથા તેની પરાનુભૂતિ માં નિષ્ણાત, અને સજ્જનો જેમને વિદ્યાનિધિ માને છે એવા તાતચરણ હે શ્રીમદ્ શ્રીવ્રજભૂષણજી, તેમજ શ્રીપ્રભુ ના ચતુર્ભુજ સ્વરૂપે દર્શન આપી લુંટારાઓ ને દિવ્ય અનુભૂતિ કરાવનાર એમના પુત્ર હે શ્રીગિરિધરજી ! આપ શ્રીમાન કરૂણાપૂર્વક સદા અમને આશીર્વાદ આપતા રહો. (૧૮)

"શ્રી ભાવ નિકુંજ" (૧૧૮)

****

શ્રીમતાં ચરણેષ્વભ્યર્થના"

""

હે આચાર્ય શ્રીપુરૂષોત્તમજી તાતચરણ ! આપ ગુણનિધિ છો, દિવ્ય આત્મશક્તિથી પરિપૂર્ણ છો અને પોતાના જ્ઞાન ના કારણે 'ગોસ્વામી-કુલભૂષણ' તરીકે જગતમાં પ્રસિદ્ધ છો. વિદ્વદ્જનોએ શુદ્ધાદ્વૈત સિદ્ધાંત નું જ્ઞાન મેળવવું જ જોઇએ એવો આગ્રહ સેવનારા આપ અમને એ સિદ્ધાંત સમજાવવા માટે ' પ્રસાદવાગીશભાષ્ય' નું જ્ઞાન પ્રદાન કરવાની કૃપા કરો. (૧૯).

"શ્રી ભાવ નિકુંજ" (૧૧૯)

****

શ્રીમતાં ચરણેષ્વભ્યર્થના"

""

મુલ્યવાન મોતીની જેમ પરંપરા માં પ્રકાશમાન ગોસ્વામી શ્રી ગિરિધરજી તાતચરણનો સિદ્ધાંત બોધ પણ અદ્ભુત છે. શિષ્ય સમુદાય ને પોતાના અમૃતવચનો દ્વારા પુષ્ટિમાર્ગ ની પ્રભાનું જ્ઞાન પ્રદાન કરવાની સાથે શ્રી દ્વારકેશ પ્રભુ ની સેવા ને પણ પૂર્ણ પ્રેમપૂર્વક સંપાદિત કરી રહેલા આપ શ્રીમાન કરૂણાપૂર્વક સદા અમારા પર આશિર્વાદ વરસાવતા રહો. (૨૦)

"શ્રી ભાવ નિકુંજ" (૧૨૦)

****

"શ્રીમતાં ચરણેષ્વભ્યર્થના"

""

મધુર ભાવપૂર્ણ સેવા દ્વારા શ્રી પ્રભુને પ્રસન્ન કરી એમની સ્નેહ -હર્ષ સહિત પૂર્ણ કૃપા સંપાદન કરનાર તથા અમૃતમય સંગીત અને અમૃતમય ગીતના સાગર સમાન પિતામહ હે શ્રીબાલૃષ્ણજી તાતચરણ ! આપ શ્રીમાન ના ચરણોમાં એ જ અભ્યર્થના છે કે પોતાના વંશમાં જન્મેલા અને આપના સેવક એવા આ મનુષ્ય પર કૃપા કરો. (૨૧)

" શ્રી ભાવ નિકુંજ" (૧૨૧)

****

"શ્રીમતાં ચરણેષ્વભ્યર્થના"

""""""""""""""""""""""""""""""""""

સકલ વિદ્યાઓ માં શિરોમણી મનાયેલા, બાલ્યાવસ્થા હોવા છતાં પંડિતો દ્વારા 'બાલસરસ્વતિ' ના બિરુદથી વિભુષિત કરાયેલા તેમજ શ્રીદ્વારકેશજી નામથી આચાર્ય પદ પર વિરાજમાન થયેલા પિતૃચરણના જેષ્ટ ભ્રાતા હે શ્રી દ્વારકેશ જી ! આપ પ્રભુ છો, સમર્થ છો. માટે આપના ચરણોમાં એજ પ્રાર્થના કે અનેકવિધ વિવાદોના અમારા પર ઘેરાયેલા વાદળો થી છવાયેલી કાલિમા ને દૂર કરો. (૨૨)

"શ્રી ભાવ નિકુંજ" (૧૨૨)

****

"શ્રીમતાં ચરણેષ્વભ્યર્થના"

""""""""""""""""""""""""""""""""""

દયાનિધિ એવા હે શ્રીમત્ પિતૃતર્પણ ! પોતાના પુત્ર પર થઈ રહેલા સીધા - આડકતરા પ્રહારોથી રક્ષણ આપવા માટે શ્રીપ્રભુ ના બલથી સિંચિત જે સંબલ આપ પ્રદાન કરી રહ્યા છો એ કરૂણા કેવલ શિષ્ય અને પુત્ર પર શ્રી ગુરૂ દ્વારા જ સંભવ છે. પોતાના કુલના સંપોષણ હેતુ આપના ચરણોમાં પ્રણામ પૂર્વક પ્રાર્થના છે. (૨૩)

"ઈતિ ગો. શ્રી વ્રજેશકુમારજી દ્વારા રચિત
શ્રીમતાં ચરણેષ્વભ્યર્થના સંપૂર્ણમ્"

""

"શ્રી ભાવ નિકુંજ" (૧૨૩)

****

"વિજ્ઞપ્તિ"

""""""""""""""

દોષોથી ભરેલા હોવાના કારણે સંસાર સાગર ને પાર કરવામાં પણ અસમર્થ તથા કલિ ની કાલિમા ના પ્રભાવથી દુર્ગુણોથી પરિપૂર્ણ એવા જીવો પણ હે પ્રભો ! આપના ચરણકમલના આશ્રય માત્ર થી જ વૈકુંઠ ગમન કરાવનાર ભક્તિ રૂપી રાજમાર્ગને પ્રાપ્ત કરી લે છે. (૧)

"શ્રી ભાવ નિકુંજ" (૧૨૪)

****

"વિજ્ઞપ્તિ"

""""""""""""""

શ્રીવલ્લભ દ્વારા આપના ચરણોમાં નિવેદિત કરાયેલા અને કેવલ આપના પાદસેવન માં આસક્ત એવા આપના દાસ, જે આપનાં ચરણોને છોડીને કોઈ પણ મુક્તિ ની ઈચ્છા નથી રાખતા, એમની કરૂણામય દૃષ્ટિની વૃષ્ટિ થી આપ સદા રક્ષા કરો. (૨)

"શ્રી ભાવ નિકુંજ" (૧૨૫)

****

"વિજ્ઞપ્તિ"

""""""""""""""""""

જેમનો કરી ત્યાગ કરવાનો હોય નથી એવા આપના દાસ અમે વૈશ્વાનરની વદનકમલની પ્રભાના અંશથી સમુત્પન્ન થયેલા અને આપના ચરણોમાં એકનિષ્ઠ છીએ. આપની કૃપા થાય તો આપના ચરણકમલની રજના રસિક અભ્યર્થી એવા અમારા માં બહિર્મુખ તા કદાપિ સંભવી શકતી નથી. (૩)

"શ્રી ભાવ નિકુંજ" (૧૨૬)

****

"વિજ્ઞપ્તિ"

""""""""""""""""""

ગોપીજનો પર જેવી રસપૂર્ણ દૃષ્ટિ આપ રાખો છો, ગોકુલ માં રહેનાર ગોપાલકો અને ગાયોના સમુહ પર જેવી રસભીની દૃષ્ટિ ની વૃષ્ટિ કરો છો, એજ પ્રકારે આપ માં એકનિષ્ઠ ભાવ રાખનાર એવા અમારી પણ આપે રક્ષા કરવી જ જોઈએ, કારણકે દુષ્ટોનુ દમન કરવું એ આપનો સ્વભાવ છે. (૪).

"શ્રી ભાવ નિકુંજ" (૧૨૭)

****

"વિજ્ઞપ્તિ"

""""""""""""""""""

આપના ચરણકમલના શરણે આવીને અમે કુસૃષ્ટિથી ભરેલા આ લોકરૂપી દુસ્તર સમુદ્રને, દુષ્ટોથી ઘેરાયેલા હોવા છતાં પણ પાર કરી જઇશું. હે વ્રજજનોના ઈશ ! આપની કૃપા પૂર્ણ દૃષ્ટિથી અમને ચિત્ત માં એવું દૃઢ બંધ પ્રાપ્ત થયું છે. (૫).

"શ્રી ભાવ નિકુંજ" (૧૨૮)

****

"વિજ્ઞપ્તિ"

""""""""""""""""""

હે ગોકુળ ના સ્વામી ! હે શ્રીકૃષ્ણ ! દૈવી ગુણો થી યુક્ત જીવો પણ આપના વિયોગ ના અનુભવ થી ક્લેશ પામી રહ્યા છે, ત્યારે આપને એ અભ્યર્થના છે કે આટલા કઠોર ચિત્તવાલા આપ ન બનો. કરૂણાના સાગર એવા હે નાથ ! આપની દૃષ્ટિ ના દાન દ્વારા એમને સંજીવની પ્રદાન કરો. (૬)

"શ્રી ભાવ નિકુંજ (૧૨૯)

****

"વિજ્ઞપ્તિ"

""""""""""""""""""""

આપના નામના ઉચ્ચારણ માત્રથી દુષ્ટજનો પણ ભક્ત પદવીને પામે છે, પરંતુ ભાવપૂર્વક આપનું ભજન કરનારા ઓને અતિશય પીડા ભોગવવી પડે છે એનું કારણ શું? હે પ્રભુ ! આપના દાસ એવા અમારી ઉપેક્ષા કરવી આપના માટે યોગ્ય નથી. (૭).

"શ્રી ભાવ નિકુંજ (૧૩૦)

****

"વિજ્ઞપ્તિ"

""""""""""""""""""""

હે પ્રભુ ! હે મારા સ્વામી ! આપના ચરણારવિંદો માં એટલીજ પ્રાર્થના છે કે આપના દાસગણને કષ્ટ કેમ ભોગવવું પડે એ વિચારવું જોઈએ કારણકે એનાથી હાની તો આપના પ્રભુત્વ ની જ થાય છે. (૮)

"શ્રી ભાવ નિકુંજ" (૧૩૧)

****

"વિજ્ઞપ્તિ"

""""""""""""""""""""

મારા હ્રદયની ઉર્મીઓથી પ્રકટ થયેલા અને શ્રીપ્રભુના ચરણકમલોમા નિવેદિત કરાયેલા આ ભાવો નું , શ્રીપ્રભુ ના સાનિધ્યમાં મનપૂર્વક પાઠ કરનારને શ્રીપ્રભુ ના ચરણકમલોમા નિષ્ઠા નું દાન પ્રાપ્ત થાય છે. (૯) .

"ઈતિ ગો. શ્રી વ્રજેશ કુમારની કૃત વિજ્ઞપ્તિ સમાપ્ત"

""

"શ્રી ભાવ નિકુંજ" (૧૩૨)

****

"શ્રીવિઠ્ઠલેશાષ્ટક"

""""""""""""""""""""""""""""""""

શ્રીવ્રજનવલકિશોલ-કિશોરીની યુગલ સ્વરૂપે સ્નેહ સ્નિગ્ધ સેવામાં રમમાણ, અતિ ગોપનીય ભક્તિમાર્ગ ને નિજસેવક મંડલીને સ્નેહપૂર્ણ રીતે સમજાવનાર, શ્રીમદાચાર્યચરણો દ્વારા સેવિત શ્રીનિધિસ્વરૂપોને પોતાના સાતે પુત્રોને સેવાર્થે પધરાવી આપનાર, શ્રીવૈશ્વાનર સ્વરૂપના પુત્ર રૂપે પ્રકટ થયેલા શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણને એમના કૃપાપ્રસાદ ની પ્રાપ્તિ હેતુ હું નમન કરૂં છું. (૧)

"શ્રી ભાવ નિકુંજ" (૧૩૩)

****

"શ્રીવિઠ્ઠલેશાષ્ટક"

શ્રીવ્રજપતિની વરણરૂપી ઈચ્છાને સર્વોપરિ ઈષ્ટ સમજી પોતાના હૃદયમાં ધારણ કરનાર, પોતાના તેમજ પોતાના વંશના કુલસ્વામી તરીકે, "અસ્માકં કુલપતિ: ગોવર્ધનધર:" વચનો દ્વારા શ્રીગોવર્ધનધરણ ને સ્વીકારનાર, શ્રીરાધા-રશેશ રૂપે (શ્રીનવનિતપ્રિયાજી અને શ્રીનાથજી સ્વરૂપે) કૃપા સિંધુ શ્રીકૃષ્ણ ને પોતાના સ્વામી માનનાર, શ્રીહરિવદનાવતાર શ્રીવલ્લભ ના નંદન શ્રીવિઠ્ઠલેશ, યુગલ સ્વરૂપના દાસ એવા મારા પર સદા કૃપા કરો. (૨).

"શ્રી ભાવ નિકુંજ" (૧૩૪)

****

"શ્રીવિઠ્ઠલેશાષ્ટકમ્"

શ્રી ગોપીનાથજી ના લઘુ ભ્રાતા, સ્નિગ્ધ હૃદયથી કવિ શિરોમણી, વેદ-વેદાન્તના વિશેષજ્ઞ, પ્રેમાભક્તિના વિકાસ હેતુ શ્રીગોપીજનવલ્લભના સેવાપ્રકારને સુનિશ્ચિત કરનાર, તથા શ્રીવલ્લભાચાર્યચરણ ની ગહન વાણી જેમની કૃપાથી સમજાઇ શકે છે, એવા કરૂણાસાગર અને પૂર્ણકામ શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણનો સદા જય હો. (૩)

"શ્રી ભાવ નિકુંજ" (૧૩૫)

****

"શ્રીવિઠ્ઠલેશાષ્ટકમ્"

શ્રીહરિને પ્રસન્નતાપ્રદ થાય એવી શ્રીગોવર્ધનધરની ભોગ-રાગાત્મક, વસ્ત્રશ્રુગાર સામગ્રી-કીર્તન સંવલિત સેવાને વિધિપૂર્વક સંપન્ન કરવાનું સામર્થ્ય સમગ્ર પૃથ્વી પર એમના સિવાય અન્ય કોઈનું નથી, એવા વૈશ્વાનર શ્રીમદાચાર્યચરણના પુત્રરત્ન તથા સમસ્ત ગોસ્વામી વંશના પ્રપિતામહ શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણ ના ચરણકમલોની કૃપાની પ્રાપ્તિ અર્થે પ્રાર્થના કરૂં છું. (૪)

"શ્રી ભાવ નિકુંજ" (૧૩૬)

****

"શ્રીવિઠ્ઠલેશાષ્ટકમ્"

પુષ્ટિસિદ્ધાતોના ઉદ્ઘોષ હેતુ ભૂતલ પર પ્રક્ટ થયેલા "ભૂમિભાગ્ય" શ્રીવલ્લભના આત્મજ, નિર્મલ પ્રેમમાર્ગના પથપ્રદર્શક રૂપે શ્રીસ્વામિની શ્રીરાધધિકાના કાંત શ્રીકૃષ્ણ ના દાસભાવને ધારણ કરનાર, 'આપ સેવા કરી શિખવે શ્રીહરિ' એ ઉક્તિ અનુસાર સ્વયં સેવામાં સંલગ્ન થનાર, શ્રીવલ્લભ વંશના મુકુટમણિ અને સ્વયં શ્રીહરિનું જ અવર સ્વરૂપ એવા સમસ્ત દૈવી જીવોના સમુદ્ધારક શ્રીવિઠ્ઠલેશનો સદા જય હો.(૫).

"શ્રી ભાવ નિકુંજ" (૧૩૭)

****

"શ્રીવિઠ્ઠલેશાષ્ટકમ્"

""

વેદાંત રૂપી સાગરના મંથનથી પ્રાપ્ત થયેલ પ્રમાણો ને પોતાના સુમધુર વચનો દ્વારા "વિદ્વન્મંડન"ગ્રંથ માં નિરૂપિત કરનાર, "શૃંગાર કલ્પદ્રુમ" શ્રીપ્રભુ ની લલિત-રસપૂર્ણ લીલાઓને પૂર્ણ પ્રેમપૂર્વક "શૃંગાર રસમંડન" ગ્રંથ માં પ્રકટ કરનાર, તેમજ "શ્રીસુબોધિનીજી" ના દુર્બોધ અર્થોને સુબોધ કરવાની કુશળતા-પ્રેરણા સંપાદિત કરવા માટે "શ્રી સર્વોત્તમ"સ્તોત્ર કૃપા પૂર્વક પ્રદાન કરનાર, શ્રીવિઠ્ઠશપ્રભુચરણના ચરણકમલોમા અમે સદૈવ પ્રણામ કરીએ છીએ. (૬)

"શ્રી ભાવ નિકુંજ" (૧૩૮)

"*********************

"શ્રીવિઠ્ઠલેશાષ્ટકમ્"

""

નિજ ભક્તવૃદને શ્રીહરિ-ગુરૂના ચરણોમાં સમર્પિત કરનાર, નિજ વંશ તેમજ સેવકોને શ્રીગોપીજનો-ભાવભાવિત પ્રેમાભક્તિ નું શિક્ષણ આપનાર, વૈશ્વાનરાવતાર વાક્પતિ શ્રીવલ્લભના ગ્રંથોને સ્વરચિત વ્યાખ્યાઓ દ્વારા સમજાવનાર, વિદ્યાગાભિર્ય થી યુક્ત હોવા છતાં નિજ ભક્તો પર સદા અનુગ્રહવૃષ્ટિ કરનાર શ્રીગોસ્વામિકુલશ્રેષ્ઠ શ્રી ગુંસાઈજી પરમ દયાલ નો સદા વિજય હો.(૭)

"શ્રી ભાવ નિકુંજ" (૧૩૯)

****

"શ્રીવિઠ્ઠલેશાષ્ટકમ્ "

""

પ્રભુ પ્રાપ્તિ ના માર્ગમાં મહાન અવરોધક એવી પાખંડ પ્રવૃત્તિ નો ધ્વંશ કરી, શ્રીહરિના ચરણોની કૃપા ભક્તજનોને સુલભ કરાવવા, અશરણને શરણં પ્રદાન કરનાર શ્રીકૃષ્ણ અને શ્રીરાધિકાજીની ભક્તિ ના માર્ગનો ઉપદેશ કરનાર, દૈવીજીવોને "કૃપાનિધિ" શ્રીમદ્ શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુની પરમ કૃપાની પ્રાપ્તિ કરાવનાર હે શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણ ! આ દાસને આપના ચરણકમલોમા દાસત્વ પ્રદાન કરો. (૮)

।। ઈતિ શ્રીમદ્વ્રજભુષણજીના આત્મજ શ્રીવ્રજેશકુમારજી
રચિત શ્રેવિઠ્ઠલેશાષ્ટકમ્ સંપુર્ણ ।।